Registration of News Paper No. GUJGUJ/2015/65432
Pages: 8 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/-

Posting Licence No. RAJKOT / 678 / 2021-23 VALID UP TO 31-12-2023
posted at rajkot-RMS published & posting dt.-daily (evening)

Web: www.saurashtrakranti.com
Email ; saurashtrakranti@gmail.com




અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

# સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક

Year: 7, Issue:31 Dt.18-11-2021 (Thursday)

તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાનઃ 125, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ-360001

# સૌરાષ્ટ્ર-ગુજરાતમાં ભરશિયાળે માવઠુંઃ શિયાળુ પાકને નુકશાન

## રાજકોટ જિલ્લામાં સવારથી ઠેર-ઠેર કમોસમી વરસાદનાં ઝાપટાંઃ બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાઓમાં પણ માવઠાથી ખેડૂતો ચિંતાતુર





બે દિવસ ટેકાના ભાવે મગફળી ખરીદી બંધ



### અરબી સમુદ્રમાં લો-પ્રેશર સર્જાતા ૩૭ તાલુકાઓમાં માવઠાએ ખેતીની માંઠી કરીઃ વરસાદી છાંટાને પગલે ઠંડી વધી, રાજ્યભરમાં વાદળછાયું વાતાવરણઃ કડી તાલુકામાં અડધા ઈંચ જેવો વરસાદ ખાબક્યો

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૮

આજે વહેલી સવારથી સૌરાષ્ટ્ર અને ગુજરાતનાં વાતાવરણમાં એકાએક મોટો પલ્ટો આવ્યો હતો. રાજકોટ જીલ્લા સહિત રાજ્યનાં સંખ્યાબંધ જિલ્લાઓમાં ભરશિયાળે માવઠું સર્જાતા શિયાળુ પાકને મોટું નુકશાન થયાનો અંદાજ છે. રાજકોટ, ગોંડલ, અરવલ્લી, પાલનપુર, પાટણ, ગાંધીનગર, કડીકલ્લોલ, વગેરે ૨૦ થી વધુ શહેરોમાં કમોસમી વરસાદ પડ્યાનાં અહેવાલો મળી રહ્યા છે. પરિણામે ઘણા વિસ્તારોમાં માર્કેટ યાર્ડમાં રાખેલી મગફળી પણ પલળી ગઈ છે. મગફળી, ચણા સહિતનાં શિયાળુ પાકને ભારે નુકશાન થતા ખેડૂતો ચિંતામાં મુકાઇ ગયા છે.

રાજ્યમાં એકાએક કમોસમી વરસાદ થયો હોવાથી બે દિવસ સુધી મગફળીની ટેકાની ખરીદી બંધ રાખવાનું પુરવઠા મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવ્યું છે. બે દિવસ બાદ જિલ્લાવાર સ્થિતિની સમીક્ષા કરીને મગફળીની ખરીદી ફરી શરૂ કરવામાં આવશે. તેમ જાણવા મળ્યું છે.

રાજયનાં ૩૭ જેટલા તાલુકાઓમાં સવારે કમોસમી વરસાદ ખાબક્યો હતો. ઘણા સ્થળે જોરદાર ઝાપટાં પડ્યા હતા તો ક્યાંક છાંટા પડ્યા હતા. કડી તાલુકામાં અડધા ઇંચ જેટલો કમોસમી વરસાદ થયાનું નોંધાયું હતું. બનાસકાંઠા અને સાબરકાંઠાનાં અનેક વિસ્તારોમાં કમોસમી વરસાદનાં ઝાપટાં પડ્યા હતા. અરવલ્લી અને ગાંધીનગરમાં પણ માવઠાથી ખેતીનાં પાકને ભારે નુકશાન થયું છે.

અરબી સમુદ્રમાં સર્જાયેલા લો-પ્રેશર અને ઉત્તરપૂર્વનાં પવનને પગલે ભરશિયાળે ચોમાસા જેવી સ્થિતિ ઉભી થઇ છે. રાજકોટ, ગોંડલ, જામનગર, જૂનાગઢ, સહિત મોટાભાગનાં શહેરોમાં ચોમાસાની જેમ કાળા વાદળ ઘેરાઈ ગયા છે. કમોસમી વરસાદનાં છાંટા પણ પડ્યા છે. જેના પગલે સૌરાષ્ટ્રમાં ઠંડીમાં વધારો થવા પામ્યો છે. ગોંડલ તાલુકામાં હડમતાલા અને અન્ય ગ્રામ્ય વિસ્તારોમાં માવઠું

(અનુ.પાના નં.૪ ઉપર)

# ક્રિપ્ટો કરન્સી આપણા યુવાનોને બગાડી શકેઃ વડાપ્રધાન



## તમામ લોકશાહી દેશાએ ખોટા હાથમાં કરન્સી ન જાય એ જોવું જોઈએઃ સીડની સંવાદમાં વર્ચ્યુઅલ સંબોધન કરતા નરેન્દ્ર મોદીનાં સૂચન

**(એજન્સી સમાચાર)**

નવી દિલ્હી, તા.૧૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ક્રિપ્ટો કરન્સીનાં દૂરઉપયોગ સામે લાલબતી ધરી હતી અને જણાવ્યું હતું કે તમામ લોકશાહી દેશોએ સાથે મળીને એ સુનિશ્ચિત કરવું જોઈએ કે ક્રિપ્ટો કરન્સી ખોટા હાથમાં ન જાય, જો એવું થશે તો આપણા યુવાનોને બગાડી શકે છે.

સીડની સંવાદમાં મુખ્ય અતિથી તરીકે સંબોધન કરતા વડાપ્રધાને જણાવ્યું હતું કે, આપણે એક યુગ પરિવર્તનમાંથી પસાર થઇ રહ્યા છીએ. એક એવો યુગ આવ્યો છે જ્યાં ટેકનોલોજી અને ડેટા નવા શસ્ત્રો બનીને ઉભરી રહ્યા છે. તેમણે ક્રિપ્ટો કરન્સીનાં ગેરફાયદા અંગે અને તેનાથી યુવાનોને બચાવવા અંગે ઉપયોગી સૂચનો કર્યા હતા.

ભારતમાં અત્યારે ક્રિપ્ટો કરન્સીનાં મામલે ખૂબ જ ચર્ચાઓ ચાલી રહી છે. ભારતમાં એ મુદ્દો મુખ્ય ચિંતાનું કારણ બન્યું છે કે આવી કરન્સીની અનિયંત્રિત બજારોને કારણે આતંકવાદીઓ સુધી નાણાં પહોંચવાનો અને નાણાંકીય ગોલમાલ થવાનો માર્ગ ખુલી શકે છે. આ દિશામાં તાજેતરમાં નાણાં અને હોમ મંત્રાલય તથા રીઝર્વ બેંક વચ્ચે મહત્વની બેઠક પણ યોજાઈ હતી. યુવાઓને ભરમાવાનાં પ્રયાસોથી સાવચેત રહેવાના પગલા વિચારવામાં આવ્યા હતા. એટલે કેન્દ્ર સરકાર ક્રિપ્ટો કરન્સીમાં થતા રોકાણ ઉપર નજર રાખવા અને તેને નિયમિત કરવાનું માળખું તૈયાર કરી રહી છે.

વડાપ્રધાને સીડની સરહદમાં જણાવ્યું હતું કે, આપણી આસપાસનાં ડીજીટલ યુગનાં વાતાવરણમાં રાજકારણ, અર્થતંત્ર, સમાજ, બધું જ બદલાઈ રહ્યું છે. શાસન વ્યવસ્થા, કાયદો, અધિકારો, સુરક્ષા, નીતિમતા, સર્વભોમત્વ સામે અનેક પ્રશ્નો ઉભા થઇ રહ્યા છે. ભિન્ન-ભિન્ન પ્રકારનાં પડકારો ઉભા થઇ રહ્યા છે. લોકશાહીમાં ખુલ્લા પણું એ આપણી મોટામાં મોટી શક્તિ છે. તેનો દૂરઉપયોગ થવા દેવાય નહીં. (૨.૧૨)

# રાજસ્થાનમાં ગુજરાત સરહદની નજીક ભૂકંપનો તીવ્ર આંચકો

## પાલી જિલ્લામાં ૪.૧ ની તિવ્રતા નોંધાઈ, લોકોમાં ભારે ગભરાહટઃ પાલી જિલ્લો બનાસકાંઠાની સરહદની નજીક



**(એજન્સી સમાચાર)**

અમદાવાદ, તા.૧૮

રાજસ્થાનનાં પાલી જિલ્લામાં ગઈ મોડી સાંજે ધરતીકંપનો જોરદાર આંચકો અનુભવાયો હતો. તેના કારણે લોકો ઘરની બહાર દોડી ગયા હતા અને ગભરાટ ફેલાઈ ગયો હતો. ગુજરાત સરહદને અડીને આવેલો રાજસ્થાનનો પાલી જિલ્લો બનાસકાંઠાની નજીક છે.

ગાંધીનગર સિસ્મોલોજીકલ રીસર્ચ યુનિટમાં આંચકાની નોંધ થઇ હતી. ગઈકાલે મોડી સાંજે ૪.૧ ની તિવ્રતાનો આંચકો આવ્યાનું નોંધાયું હતું. આંચકાનું ઉદ્‌ગમ સ્થાન પાલી જિલ્લાનાં સુમેરપુર નજીક હોવાનું નોંધાયું હતું. એ વિસ્તાર બનાસકાંઠાનાં મુખ્ય શહેર પાલનપુરથી ૧૩૬ કિ.મી. દૂર છે. માલ-મિલકતને નુકશાન થયાનું કે જાનહાની થયાનું બહાર આવ્યું નથી. તેમ બનાસકાંઠા જિલ્લા તંત્રનાં અધિકારીઓએ જણાવ્યું હતું. પાલી જિલ્લામાં કોઈ નુકશાન થયું છે કે કેમ તેના કોઈ અહેવાલો મળ્યા નથી.(૨.૧૨)

# તમિલનાડુમાં ભારે વર્ષાનું રેડ એલર્ટ, અનેક જિલ્લાઓમાં લોકડાઉન

## શાળા-કોલેજોમાં રજાઓ જાહેર, ચેન્નાઈ અને આસપાસનાં જિલ્લાઓમાં અતિભારે વરસાદની આગાહી



વર્ષાતાંડવથી તારાજીમાંથી ઉભરવા કેન્દ્ર પાસે ૨૬૨૯ કરોડની સહાય માંગતી રાજ્ય સરકાર

**(એજન્સી સમાચાર)**

ચેન્નાઈ, તા.૧૮

ભરશિયાળે પ્રચંડ મેઘતાંડવનો સામનો કરી રહેલા દક્ષિણ ભારતનાં તમિલનાડુ જિલ્લાની સમસ્યાઓનો અંત આવવાની કોઈ શક્યતા દેખાતી નથી. હજુ અતિશય ભારે વરસાદ થવાની આગાહી હોવાથી ૧૮ મી નવેમ્બરે ચેન્નાઈ અને આસપાસનાં જિલ્લાઓમાં રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. અતિશય ભારે વરસાદને પગલે રાજયનાં સંખ્યાબંધ જિલ્લાઓમાં શાળા-કોલેજોમાં રજા જાહેર કરવી પડી છે. વાહન વ્યવહાર ઠપ્પ થઇ ગયો છે અને લોકડાઉન જેવા દ્રશ્યો જોવા મળી રહ્યા છે. આવતીકાલે ભારે વરસાદ થવાની હવામાન ખાતાએ આગાહી કરી છે.

નાગપટ્ટીનમ, થાનજાવુર, પુડુંપોતટ્ટાઈ, વેલોર જિલ્લાઓમાં શાળા-કોલેજો બંધ કરી દેવામાં આવી છે. જયારે તીરુચ્ચી, દિંડીગુલ, ધરમપૂરી, કૃષ્ણગીરી, તીરૂપત્તુર જેવા શહેરોમાં તમામ શાળા-કોલેજોમાં રજા જાહેર કરવામાં આવી છે. આ જિલ્લાઓમાં વર્ષાતાંડવ એકધારું યથાવત રહ્યું છે.

દરમ્યાન વર્ષાતાંડવથી થયેલી તારાજીમાંથી બહાર આવવા માટે કેન્દ્ર પાસેથી તમિલનાડુ સરકારે ૨૬૨૯ કરોડની સહાય માંગી છે. હવામાન ખાતાએ જાહેર કર્યું છે કે, બંગાળનાં અખાતમાં બંને તરફ લો-પ્રેશર સર્જાયું છે. જે આંધ્રપ્રદેશ અને તમિલનાડુ તરફ આગળ વધી રહ્યું છે. જેના પગલે ચેન્નાઈ અને આસપાસ અતિશય ભારે વરસાદ થવાની શક્યતા છે. દરમ્યાન રાજ્યનાં

(અનુ.પાના નં.૪ ઉપર)

# કાશ્મીર ખીણમાં પાંચ ત્રાસવાદીઓ ઠાર કુલગામ વિસ્તારમાં સુરક્ષાદળોની મોટી સફળતા

## શ્રીનગરનાં એન્કાઉન્ટરમાં બે નાગરિકનાં મોતનો દાવોઃ પરિવારજનોએ મૃતદેહ સ્વીકારવાનો ઈન્કાર કર્યો

**(એજન્સી સમાચાર)**

શ્રીનગર, તા.૧૮

જમ્મુ અને કાશ્મીરમાં સલામતી દળોએ જોરદાર સફળતા મેળવીને ખીણમાં કુલગામ વિસ્તારમાં પાંચ ત્રાસવાદીઓને ઠાર માર્યા હતા. સલામતી દળોએ મોટા પ્રમાણમાં શસ્ત્રો અને દારૂગોળો પણ કબ્જે લીધા હતા. સલામતી દળોનાં સર્ચ ઓપરેશન દરમ્યાન છૂપાયેલા ત્રાસવાદીઓએ ગોળીબાર કરતા સુરક્ષાદળોએ વળતો ગોળીબાર કર્યો હતો અને ગોપાલપોરમાં ત્રણ અને પોમ્બેમાં બે ત્રાસવાદીઓને ઠાર કરી દીધા હતા.

દરમ્યાન બે દિવસ પહેલા શ્રીનગરનાં હૈદરપુરા વિસ્તારમાં થયેલા આતંકવાદી ઓપરેશનમાં બે નિર્દોષ નાગરિકો માર્યા ગયા હોવાનો સ્થાનિક નાગરિકોએ દાવો કર્યો છે. જેના કારણે સમગ્ર ખીણમાં ભારે તંગદિલી ઉભી થવા પામી છે. સુરક્ષાદળોની કાર્યવાહીમાં માર્યા ગયેલા અલ્તાફ ભાટનાં મૃતદેહને સ્વીકારવાનો પરિવારજનોએ ઈન્કાર કર્યો છે. બીજીતરફ અલ્તાફનાં પિતાએ પત્રકારો સમક્ષ જણાવ્યું હતુ કે આતંકવાદ સામે લડવા મેં લોહી વ્હાવ્યું છે. મને બહાદુરીનો એવોર્ડ પણ સરકારે આપ્યો છે પણ આજે મારા પુત્રને ત્રાસવાદી ગણાવીને સુરક્ષાદળોએ મારી નાખ્યો છે. આ એન્કાઉન્ટરને પગલે ફરી ખીણમાં મામલો ગરમાયો છે.

પીડીપી નાં પ્રમુખ મહેબુબા મુફતીએ સુરક્ષા દળોની કાર્યવાહીને વખોડી કાઢી હતી.

ઉમર અબ્દુલ્લા અને અન્ય નેતાઓને પણ નિર્દોષની હત્યાની ઘટનાને ગંભીર ગણાવી હતી. બીજીતરફ લશ્કરનાં ઉચ્ચ અધિકારીએ જણાવ્યું હતું કે માર્યા ગયેલા કોઈ નિર્દોષ નાગરિક ન હતા પણઆતંકવાદીઓ જ હતા.(૨.૧૨)

# ગુજરાત કોંગ્રેસ સંગઠનમાં વ્યાપક ફેરફારો

## રાહુલનાં સ્વદેશ આગમન બાદ જાહેરાત થવાની શક્યતાઃ સંસદનાં શિયાળુ સત્ર પહેલા કોંગ્રેસ નેતા વિદેશથી પરત આવશે



**(એજન્સી સમાચાર)**

નવી દિલ્હી, તા.૧૮

ગુજરાત અને રાજસ્થાન કોંગ્રેસનાં સંગઠન માળખામાં ટૂંક સમયમાં વ્યાપક ફેરફારો થવાના ભણકારા વાગી રહ્યા છે. રાહુલ ગાંધી અત્યારે વિદેશની અંગત મુલાકાતે ગયા છે. તેઓ સ્વદેશ પરત ફરે ત્યારબાદ તુરંત બંને રાજ્યોમાંનાં સંગઠનનાં હોદ્દેદારોમાં ફેરફારોની જાહેરાત થઇ શકે છે. પ્રદેશ પ્રમુખ અને વિપક્ષી નેતા બંને બદલાશે તેવું કોંગ્રેસનાં આધારભૂત સુત્રોએ જણાવ્યું હતું. સંસદનાં શિયાળુ સત્રનાં પ્રારંભ પહેલા ૨૯ ડિસેમ્બર સુધીમાં રાહુલ ગાંધી સ્વદેશ પરત આવી જશે. એ પછી ગુજરાત અને રાજસ્થાન માળખાનાં ફેરફારો તુરંત જાહેર કરી દેવાશે તેમ લાગે છે.

રાજસ્થાનમાં મુખ્યમંત્રી અશોક ગેહલોત અને યુવા પણ વગદાર નેતા સચિન પાઈલોટ વચ્ચેનો ડખો કોંગ્રેસ માટે માથાનો દુઃખાવો બન્યો છે. તાજેતરમાં જ ગેહલોત અને પાઈલોટ બંને અલગ-અલગ રીતે કોંગ્રેસનાં વડા સોનિયા ગાંધીને મળ્યા હતા. ગેહલોત એમની કેબીનેટમાં ફેરફારો પહેલા રાહુલને મળે તેવી શક્યતા છે. પાઈલોટ લાંબા સમયથી કેબીનેટ વિસ્તરણની માંગણી કરી રહ્યા છે. પણ ગેહલોત હજુ તૈયાર થયા નથી અને એવું કારણ આપે છે કે આવતા વર્ષે રાજસ્થાનમાં રાજ્ય સભાની ચાર બેઠકો માટેની ચૂંટણી છે. એમના મતે કોંગ્રેસને ૪ માંથી ૩ બેઠક મળી શકે છે. એટલે અત્યારે કોઈ ફેરફારો કરવા જોઈએ નહીં.(૨.૧૨)

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક



સૌરાષ્ટ્ર ક્રાંતી છેલ્લા છ વર્ષથી આપને અવનવા સમાચારોથી અપડેટ રાખે છે. નિષ્પક્ષ પત્રકારત્વની અલગ ઓળખ ઉભી કરવા કાયમ પ્રયત્નશીલ છે અમારા દ્વારા ડિજીટલ માધ્યમથી આપને સમાચારપત્ર પહોંચાડવામાં આવે છે. એક દિવસના એક રૂપિયાના અનુદાન દ્વારા આપ નિષ્પક્ષ પત્રકારત્વને જીવંત રાખી દેશની ચોથી જાગીર ને મજબુત બનાવવા નિમીત બનશો નીચે આપેલ લીંક પર ક્લીક કરીને સબસ્ક્રાઈબ કરો

http://www.saurashtrakranti.com/subscribe/

# સૌરાષ્ટ્રનાં પોરબંદર- બોટાદ જિલ્લાઓ નલ સે જલ યોજનામાં ૧૦૦ ટકા સફળ

## ગુજરાતમાં હવે પાણી સમસ્યાનું કારણ નહીં બને, મુખ્યમંત્રીઃ છેવાડાનાં ઘર સુધી પીવાનું શુધ્ધ પાણી અને કૃષિ માટે જળની વ્યવસ્થા



ગાંધીનગર, તા.૧૮

૧૦૦ ટકા નલ સે જલ યોજનાથી આવરી લેવાયેલા જિલ્લાઓમાં સૌરાષ્ટ્રના વધુ બે જિલ્લા બોટાદ અને પોરબંદર પણ સામેલ થઇ ગયા છે. વડોદરા, આણંદ, ગાંધીનગર, મહેસાણા જિલ્લાઓમાં પણ નલ સે જલની ૧૦૦ ટકા કામગીરી પરીપૂર્ણ થઇ ગઈ છે.

સુગ્રથિત આયોજન થકી આજે છેવાડાનાં ઘર સુધી લોકોને પીવાનું શુધ્ધ પાણી મળી રહ્યું છે અને વિવિધ સિંચાઈ યોજનાઓ મારફત ખેડૂતોને કૃષિ માટે પણ પાણી મળી રહ્યું છે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે છેવાડાનાં માનવીને પણ શહેર જેવી વ્યવસ્થા મળે એ માટે સરકાર પ્રયત્નશીલ છે. રાજ્યમાં પાણી હવે સમસ્યાનું કારણ નહીં બને પણ વિકાસનું માધ્યમ બનશે.

તેમણે ઉમેર્યું હતું કે, રાજ્યનાં તમામ ઘરોમાં નળ મારફત પીવાનું શુધ્ધ પાણી પહોંચાડવાના વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં સંકલ્પને ગુજરાત ૨૦૨૨ સુધીમાં પરીપૂર્ણ કરી લેશે. ૧૦૦ ટકા નલ સે જલ યોજનામાં ૬ જિલ્લાઓમાં સંપૂર્ણ સફળતા મળી છે.

ભુપેન્દ્ર પટેલે ઉમેર્યું હતું કે અગાઉનાં સમયમાં પાણી સરળતાથી મળે તેવા વિસ્તારોમાં જ માનવ વસાહતો સ્થપાતી હતી એટલે જ નદીઓનાં કિનારે સંસ્કૃતિ વિકસી હતી. આપણે જાણીએ છીએ કે ગુજરાતે લાંબા સમય સુધી પાણીની તંગી ભોગવી છે. મહિલાઓને ખૂબ પરેશાની વેઠવી પડી છે. પરંતુ હવે લાંબાગાળાનાં આયોજનને કારણે ઘરે-ઘરે શુધ્ધ પાણી પહોંચી રહ્યું છે. કુદરતી સંસાધનો જેવા કે પાણીનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવાની હિમાયત સાથે મુખ્યમંત્રીએ સલાહ આપી હતી કે પાણીનું મુલ્ય સમજી તેના એક-એક ટીપાનો સદઉપયોગ કરવો જોઈએ. પાણીને પ્રભુનાં પ્રસાદની જેમ વાપરવું જોઈએ. અત્યારે નળમાંથી લીક થવાને કારણે વર્ષે ૩૬ હજાર લીટર પાણીનો વ્યય થાય છે. આવો બગાડ અટકવો જોઈએ.(૨.૧૨)

સૌરાષ્ટ્ર તેમજ દક્ષીણ ગુજરાતનાં સમાચારો મેળવવા માટે આજે જ તમારા મોબાઈલમાં અમારી Sk News એપ્લિકેશન ઈન્સ્ટોલ કરો.. તેમજ સૌરાષ્ટ્ર ક્રાંતી ન્યૂઝ પેપરની વેબસાઈટ પર જઈને પણ ન્યૂઝ મેળવી શકો છો.

GET IT ON Google Play | SK NEWS | સૌરાષ્ટ્ર ક્રાંતિ NEWS

www.saurashtrakranti.com

# મોભો એ જ, માધ્યમ નવું

## યુ ટ્યુબના માધ્યમથી સૌરાષ્ટ્ર ક્રાંતી આપશે આપની સમસ્યાને વાચા




આજે જ સૌરાષ્ટ્ર ક્રાંતીની યુ ટ્યુબ ચેનલને સબસ્ક્રાઈબ કરો અને સમાચાર મેળવો

SUBSCRIBE
TO OUR CHANNEL
SAURASHTRA KRANTI

@saurashtrakranti/ saurashtrakrant
SAURASHTRAKRANTI SAURASHTRAKRANTI

Web: www.saurashtrakranti.com

સૌરાષ્ટ્ર ક્રાંતિ

WhatsApp કરો

તમારા ન્યુઝને

'સૌરાષ્ટ્ર ક્રાંતિ'માં જર્નાલિસ્ટ બની તમે પણ ગર્વ અનુભવો

તમારી આસપાસ બનતી કોઇ પણ ઘટના,સમાચાર,સમસ્યા કે તસ્વીરોને અમારા સુધી પહોંચાડો.

કોઇપણ ઘટના કે સમાચારની વિગત

93276 28571 ઉપર Whats App કરો

email: saurashtrakranti@gmail.com
web: www.saurashtrakranti.com

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

# સૌરાષ્ટ્ર ક્રાંતી ક્લાસિફાઇડ

સાંધ્ય દૈનિક

પ્રોપર્ટી, લગ્ન, નોકરી, શૈક્ષણીક, ઔષધ,યાત્રાપ્રવાસ, ધંધાદારી, વ્યવસાયલક્ષી, વાહનબજાર

જાહેરાત માટે સંપર્ક કરો:
90333 44426




આ પેજ પર આપની જાહેરાત નજીવા દરે આપવા માટે
94097 57062 પર ફોન કરો અથવા મેસેજ કરો.

# એક હાથે પરિવારનું પેટ ભરતા મહેનત કશની પ્રેરણાદાયક શ્રમગાથા



(તસવીરઃ દિલીપ ગોહેલ)



## રાજકોટમાં વાહનોનું રીપેરીંગ એક જ હાથે કરીને દાખલો બેસાડતો પરિશ્રમી યુવાનઃ મન હોય તો માળવે જવાય, પંગુ પણ પહાડ ચડી શકે એ ઉકિતનો જીવતો જાગતો દાખલો



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૮

માણસે વ્યકિતને બે હાથ એટલા માટે આપ્યા છે કે એ બંને હાથે પરિશ્રમ કરીને પોતાના અને પોતાના પરિવારનાં પેટ ભરવા માટે આજીવિકા પ્રાપ્ત કરી શકે. જો વ્યક્તિને કોઈ કમભાગ્યને કારણે શરીરમાં આવું એકાદું અંગ પણ ગુમાવવું પડે તો તેની પરિસ્થિતિ દયાજનક બની જાય છે. કામકાજ કરવાની તેની ક્ષમતા અડધી થઇ જાય છે અથવા તો સાવ શૂન્ય થઇને રહી જાય છે. પણ જેના હૃદયમાં હામ અને હિંમત કુટીકુટીને ભર્યા હોય, પોતાની જાત પર ઊંડો વિશ્વાસ હોય ત્યારે આવા વિરલા સામા પુરમાં તરી જાણતા હોય છે. એક આત્મવિશ્વાસ અને આત્મશ્રધ્ધાનાં બળે વ્યક્તિ ધારે તો પોતાની પંગુતાને ભૂલી પહાડ પણ ચડી જાય છે. આવો રાજકોટમાં આ ઉદાહરણનો જીવતો જાગતો નમુનો જોવો હોય તો જગદીશ પરમારને ખાસ મળવું પડે.

રાજકોટનાં ગુંદાવાડી હોસ્પિટલની પાછળ જગદીશભાઈ પરમાર વર્ષોથી રીપેરીંગનું ગેરેજ ચલાવી રહ્યા છે. એમને ટુ વ્હીલરનું રીપેરીંગ કરવાની જબરી ફાવટ છે. વાંચકોને લાગશે કે આમાં નવું શું છે? હા, આમાં નવું નહીં પણ ઘણું બધું આશ્ચર્યચકિત કરી મુકે તેવું છે કેમકે જગદીશ પરમારને એક હાથ જ નથી. ચોંકી ગયા ને? હા, આ વ્યકિત એક હાથે એક કુશળ કારીગરની અદાથી અને જરાય ઢીલ વિના ટુ વ્હીલરનું રીપેરીંગ કરી નાખે છે. ત્યારે એમની પાસે આવેલો કસ્ટમર પણ અહોભાવથી જોતો રહી જાય છે. પોતાની ખોડખાપણની વેદનાને ભૂલી જઈ અદ્દભુત આત્મવિશ્વાસ સાથે ૧૯૮૭ થી એક હાથે મેહનત કરતા પરમાર પોતાનું અને પરિવારનું પેટ ભરવાની જે શ્રમગાથાની હકીકત સર્જી રહ્યા છે. તે ખૂબ જ પ્રેરણાદાયક છે.

જગદીશ પરમાર સાથેની અમારા પ્રતિનિધિની મુલાકાતમાં જાણવા મળ્યું હતું કે એમણે રાજકોટમાં દાયકાઓ પહેલા એક આંદોલન દરમ્યાન પોલીસ ગોળીબારને કારણે એક હાથ ગુમાવી દીધો હતો. એમાં એમનો કોઈ વાંક ન હતો. ૧૯૮૭ માં તત્કાલીન મ્યુ.કમિશ્નરની જગદીશનની બદલી થઇ ત્યારે લોકોમાં આંદોલન થયું હતું. એ સમયે જગદીશ પરમાર કસ્ટમરનું ટુ વ્હીલર લઇ રીપેર કરીને પોતાના ગ્રાહકને આપવા જઈ રહ્યા હતા. બરાબર જયરાજ પ્લોટ શેરી નં. ૬/૭ નાં ખૂણે પહોંચ્યા ત્યારે એક ટોળું આગજની કરી રહ્યું હતું. અચાનક એસઆરપી ની ટુંકડીમાંથી એક જવાને થ્રીનોટથ્રી રાઈફલમાંથી ગોળીઓ છોડી હતી અને તોફાનીઓને લાગવાને બદલે જગદીશ પરમારનાં હાથમાં ગોળી ઘુસી ગઈ હતી. લોહી લુહાણ થઇ ગયા અને નીચે પડી ગયા હતા. બે અઢી કલાક સુધી તો કોઈએ એમની નોંધ પણ લીધી ન હતી અને કણસતા રહ્યા હતા છેવટે ત્યાંથી પસાર થતી એમ્બ્યુલન્સનું ધ્યાન પડતા એમને તત્કાલીન હોસ્પિટલમાં ખાદ્સેડવામાં આવ્યા હતા પણ તબીબો ઈજા ગંભીર હોવાથી એમનો હાથ બચાવી શક્યા ન હતા અને ડાબો હાથ કાપી નાખવો પડ્યો હતો.

આવી સ્થિતિમાં કોઈપણ વ્યકિત હિંમત હારી જાય અને નાસીપાસ થઇ જાય. પણ જગદીશ પરમાર જેવું નામ જરાય હિંમત હાર્યા વિના એક હાથે રીપેરીંગ કરવાની શરૂઆત કરી દીધી. પ્રારંભમાં ઘણી તકલીફ થઇ પણ છેવટે આત્મશ્રધ્ધાનો વિજય થયો અને અનેક દિવ્યાંગો માટે આજે આ વ્યક્તિ આત્મવિશ્વાસનું ઉતમ ઉદાહરણ બની ચુકી છે. આવો આ મહેનત કશને વંદન કરીએ.(૨.૧૨)

# ગિરનાર રોપ-વે ૨૪, ૨૫ નવેમ્બર બંધ રહેશે

## જાહેરમાં ફરવા માટે વેકિસનેશન સર્ટી ફરજિયાત



(અમારા પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ, તા.૧૮

જૂનાગઢ મહાનગરપાલિકાના કમિશનરે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. જેમાં જણાવ્યાં મુજબ, ગિરનાર લીલી પરિક્રમા માટે મોટી સંખ્યામાં ભાવિકો ઉમટી પડ્યાં છે, ત્યારે કોરોના સંક્રમણ ફેલાવાની ભીતિ ખુબજ વધી ગઈ છે. આથી કોરોના સંક્રમણ વધુ ન ફેલાય તે માટે, જૂનાગઢના હરવા-ફરવાના સ્થળો અને જાહેર જગ્યાએ કોવિડ-૧૯ ના વેકસીનેશનના ડોઝ લીધા હોવાનું સર્ટિફિકેટ રજૂ કરવું ફરજીયાત કર્યું છે.

૧૮ વર્ષથી ઉપરની વ્યક્તિએ પ્રથમ ડોઝ લીધો ન હોય અથવા બીજા ડોઝનો સમય થઈ ગયો હોવા છતાં, બીજો ડોઝ ન લીધો હોય તેવા વ્યક્તિઓને પ્રવેશ આપવામાં આવશે નહિ. આ આદેશની અમલવારી ગત તા.૧૫મી નવેમ્બરથી શરૂ કરવામાં આવી છે.

સ્થળ પર જ જે તે વ્યક્તિનું સર્ટિફિકેટ તપાસવામાં આવશે, આ માટે સર્ટીની સોફ્ટ કોપી મોબાઈલમાં અથવા તો હાર્ડ કોપી તેમજ આઈડેન્ટિ કાર્ડ સાથે રાખવાનું રહેશે.

જાહેરનામામાં જણાવ્યા મુજબ; મનપા કચેરી, સ્વિમિંગ પુલ, સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ, બાગબગીચા, ભવનાથ, રોપવે, વિલીંગ્ડન ડેમ, સક્કરબાગ, બસ સ્ટેશન, રેલવે સ્ટેશન તેમજ મનપા હદમાં આવતી તમામ જાહેર જગ્યાએ પ્રવેશ મેળવતા પહેલા નાગરિકો, પર્યટકો કે શ્રદ્ધાળુઓએ કોરોના રસી લીધી હોવાનું સર્ટિફિકેટ ફરજિયાત રજૂ કરવાનું રહેશે.

# મોરબીના ભડીયાદ પાસે દંપતિને માર મારનારા ત્રણ શખ્સોની ધરપકડ



મોરબી, તા.૧૮

મોરબી નજીકના ભડીયાદ ગામ પાસે આવેલ ૫૫૫ કારખાનાની કોલોનીમાં રહેતા સંજયભાઈ કરસનભાઈ આંત્રેશા કોળી (૨૧) એ ચિરાગભાઈ સુરેલા, અશોકભાઈ સુરેલા અને અશોકભાઇના સાળા મુન્નાની સામે મોરબી તાલુકા પોલીસ સ્ટેશન ખાતે તેઓને અને તેની પત્ની જ્યોતિબેન સંજયભાઈને માર માર્યો હોવાની ફરિયાદ નોંધાવેલ હતી. આ ગુનામાં ત્રણેય આરોપીને પકડવામાં આવેલ છે જેમાં ભરત ઉર્ફે મુનો અવચર સોમાણી (ઉ.૩૫) અશોક બાબુભાઈ સુરેલા (ઉ.૪૦) અને ચીરાગ બાબુ સુરેલા (ઉ.૨૬) (રહે. બધા જ ભડીયાદ ૫૫૫ નળીયાના કારખાનાની ઓરડ)નો સમાવેશ થાય છે.(૯.૧૩)

# જામનગરનાં ધ્રોલ-જોડિયા પંથકમાં કમોસમી વરસાદ



જામનગર : જામનગર જિલ્લામાં કમોસમી વરસાદ પડ્યો છે. કમોસમી વરસાદથી ખેડૂતો ચિંતિત થયા છે. જામનગર જિલ્લાના ધ્રોલ અને જોડિયા પંથકના લીંબુડા, હડીયાણા, બાદનપર સહિત અનેક ગામોમાં કમોસમી વરસાદ પડતા શિયાળુ પાકમાં નુકશાન જવાની ભીતિ સેવાઇ છે.(૯.૧૩)

# જંકશન પાસે હત્યા કરનાર કાકા-ભત્રીજો પરિવારને લઇને નાસી ગયા

(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)

રાજકોટ, તા.૧૮

જંકશન મેઇન રોડ પર મંગળવારે તાળા ચાવીના વેપારીની તેના કૌટુંબિક ભાઇ સહિત બે શખ્સોએ છરીના ૧૦ ઘા ઝીંકી ક્રૂર હત્યા કરી હતી. પોલીસ ચોકીની બાજુમાં જ સરાજાહેર હત્યા કરનાર હત્યારાઓ સ્કૂટર પર ત્યાંથી નીકળી ગયા હતા એટલું જ નહીં બંને હત્યારાઓ તેના પરિવાર સાથે રવાના થઇ ગયા છતાં પોલીસને તેની ભનક લાગી નહોતી. દુકાનમાં બેસી સત્યસિંઘ મોબાઇલમાં ગેઇમ રમતા હતા ત્યારે બંને શખ્સો દુકાનમાં ઘૂસી ગયા હતા અને સત્યસિંઘને છરીના ૧૦ ઘા ઝીંકી દઇ તેમને મોતને ઘાટ ઉતારી દીધા હતા. બંને આરોપી તેના પરિવારને લઇને શહેર છોડી ગયા હતા છતાં પોલીસને કોઇ માહિતી મળી ન હતા.

ઘંટેશ્વર ૨૫ વારિયા કવાટર્સમાં રહેતા અને જંકશન પોલીસ ચોકીની બાજુમાં જ વાહેગુરૂ નામે તાળા ચાવીની દુકાન ધરાવતાં સત્યસિંઘ રઘુનાથસિંઘ રાજુની (ઉ.વ.૩૫) મંગળવારે સાંજે ૫ વાગ્યે પોતાની દુકાને હતા ત્યારે તેનો કૌટુંબિક ભાઇ ફરજસિંઘ અને તેનો ભત્રીજો તરજીતસિંઘ એક્ટિવા પર ધસી આવ્યા હતા.

# રાજકોટનાં મોસમનાં મિજાઝમાં અચાનક પલ્ટો, વાતાવરણ વાદળછાયું

★(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટઃ મહાનગરના વાતાવરણમાં ગુરૂવારે અચાનક પલ્ટો દેખાયો હતો. વહેલી સવારે ધુમ્મસ છવાયુ હતું અને આકાશમાં વાદળો છવાય ગયા હતા. સૂર્ય પણ વાદળોની ચાદર પાછળ છુપાઈ ગયો હતો. મનમોહક વાતાવરણને અમારા તસ્વીરકારે કેમેરામાં ઝીલી લીધું હતું. રાજકોટની સલુણી સવારની તસ્વીર.(૨.૧૨)★



(તસવીરઃ દિલીપ ગોહેલ)

# પાકિસ્તાન જેલમાંથી મુકત ૨૦ માછીમારો ઘરે પહોંચ્યા



વેરાવળ તા. ૧૮

પાકિસ્તાનની જેલમાં બંદીવાન ૨૦ ભારતીય માછીમારોને મુકિત મળતા તેઓ પાંચ દિથના અંતે આજે અહીં આવી પહોંચતા તેઓના પરિવારો સાથે મિલન થતા ભાવવિભોર દ્રશ્યો સર્જાયા હતાં. માછીમાર પરિવારો પોતાના વિખુટા પડી ગયેલા ભાઇઓને લેવા માટે મોટા સમૂહમાં આવી પહોંચ્યા હતાં. સૌરાષ્ટ્ર-ગુજરાતનાં આશરે ૬૦૦ જેટલા માછીમારો છેલ્લા ત્રણ-ચાર વર્ષથી પાકિસ્તાનની જેલોમાં બંધ છે.

આંતરરાષ્ટ્રીય જળસીમા નજીક માછીમારી કરતા આ માછીમારોને પાકિસ્તાની એજન્સીઓએ ઉપાડી જઇને જેલમાં બંધ કરી દીધા હતા તેમાંથી માત્ર ૨૦ માછીમારોને છોડવામાં આવ્યા છે.

# મોરબીમાં જાહેરમાં જુગાર રમતાં સાત ઝડપાયા

મોરબી, તા.૧૮

મોરબી જુના બસ સ્ટેશન પાછળ મચ્છીપીઠ તકીયા પાસે જાહેરમાં જુગાર રમતા ઇદરીશ ગુલામભાઇ મોવર (ઉ.૧૮), ઇર્શાદ ઇકબાલભાઇ ત્રાયા (ઉ.૨૮), નીજામુદિન યુસુફશા શાહમદાર (ઉ.૨૫), સમીરભાઇ હનીફભાઇ ભટી (ઉ.૨૦), અસલમભાઇ કરીમભાઇ માણેક (ઉ.૨૦), તોફીકશા ફારૂકશા શાહમદાર (ઉ.૨૬) અને દિલીપ ઉર્ફે ટકો કાનજીભાઇ ઉભડીયા (ઉ.૨૨) (રહે. બધા જ મોરબી) મળી આવ્યા હતા જેથી પોલીસે રોકડા ૩૪૩૦ કબ્જે કરીને આગળની કાર્યવાહી કરેલ છે.(૯.૧૩)

# ગેરકાયદેસર કબ્જે કરી લેનારા ૧૦ની ધરપકડ



(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)

રાજકોટ તા. ૧૮

લેન્ડ ગ્રેબીંગના નવા કાયદા હેઠળ નોંધાયેલા બે ગુનામાં પોલીસે કુલ ૧૩ આરોપીઓની ધરપકડ કરી છે.

કુવાડવા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ મુજબ કુવાડવા રોડ પર રહેતાં વિજ્યાબેન મનસુખભાઇ ગજેરાની અમરગઢ ભીચરી ગામે ૧૨ એકર ૨૦ ગુઠા જમીન આવેલી હોઇ તેમાં ગેરકાયદે કબ્જો કરી લેવાયો હતો. આ મામલે ગુજરાત જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ અંતર્ગત ભીચરીના ગોવિંદ નારણભાઇ ડાંગર, નિર્મળ ઉર્ફે નિરૂ ગોવિંદભાઇ ડાંગર અને વનરાજ ગોવિંદભાઇ ડાંગર સામે ગુનો દાખલ થયો હતો.

આ ત્રણેય સામે કાર્યવાહી કરી ધરપકડ કરી લેવામાં આવી છે અને વિશેષ તપાસ હાથ ધરવામાં આવી છે. વિજ્યાબેન પોતાની જમીન પર આટો મારવા જતાં તો તેને જમીનમાં પ્રવેશતા પણ અટકાવાતા હતાં. પોલીસે ત્રણેયને પકડી લઇ કાયદાનું ભાન કરાવ્યું છે.

જ્યારે અન્ય બનાવમાં ૧૫૦ રીંગ રોડ આંબેડકરનગરમાં ધારા ગેસ ગોડાઉન પાસે મવડી રેવન્યુ સર્વે નં. ૯૯/૧૦૦માં આવેલા કાંતાબેન કાપડી તથા તેના પુત્રની માલિકીના પ્લોટમાં આશરે બાવીસ વર્ષથી દબાણ કરી નવ મકાન અને કારખાનું ચણી લઇ દબાણ કરાયું હતું. કાંતાબેનનો ૬૦૦ વારનો પ્લોટ અને તેના પુત્ર પ્રતિકનો ૬૯૭ વારનો પ્લોટ હોઇ તેમાં અંદાજે ૧૯૯૯થી કબ્જો જમાવી લેવાયો હતો. આ અંગે કલેક્ટર તંત્રમાં અરજી થયા બાદ ગુનો નોંધવા આદેશ થતાં લેન્ડ ગ્રેબીંગના નવા કાયદા હેઠળ માલવીયાનગર પોલીસમાં ગુનો નોંધાયો હતો. પોલીસ કમિશનર મનોજ અગ્રવાલ, જેસીપી ખુરશીદ અહેમદ, ડીસીપી પ્રવિણકુમાર મીણા, ડીસીપી મનોહરસિંહ જાડેજા અને એસીપી એસ. આર. ટંડેલ તથા જે. એસ. ગેડમની રાહબરીમાં સહિતની ટીમોએ ઉપરોક્ત બંને કેસમાં કામગીરી કરી હતી.

# સૌરાષ્ટ્રના ૩૮ ડેમો હજુ આખા ભરેલા : કુલ જળ જથ્થો ગયા વર્ષ કરતા ૧૨૯ ઓછો



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા. ૧૮

ગુજરાતમાં વિતેલા વર્ષમાં સરેરાશ ૧૦૦ ટકા જેટલો વરસાદ થયેલ. સપ્ટેમ્બરના ભારે વરસાદથી તળમાં અને ડેમોમાં પુષ્કળ જળ જથ્થો વધેલ.

સૌરાષ્ટ્રના અધિકાંશ વિસ્તારોમાં આવતા ચોમાસા સુધી ખેતી અને પીવાના પાણીની નિરાંત થઇ ગઇ છે. સૌરાષ્ટ્રના ૧૪૧ પૈકી ૩૮ ડેમો હજુ પણ છલોછલ છે. કુલ જળ જથ્થો ગયા વર્ષના નવેમ્બર મધ્યની સરખામણીએ ઓછો છે છતાં સ્થિતિ એકંદરે સંતોષકારક છે.

ઉનાળામાં અમૂક વિસ્તારોમાં પાણીની ખેંચ પડે તેવી શકયતા છે.

સૌરાષ્ટ્રના ૧૪૧ ડેમોમાં ૧૬ નવેમ્બરની સ્થિતીએ ૨૨૧૧.૯૧ એમ.સી. એફ.ટી. જળ જથ્થો ઉપલબ્ધ છે.

તે ગયા વર્ષની ૧૬ નવેમ્બરે ૨૩૪૧.૨૪ એમ.સી.એફ.ટી હતો. તે વખતની સરખામણીએ હાલ સૌરાષ્ટ્રના ડેમોમાં ૧૨૯.૩૩ એમ.સી.એફ.ટી પાણી ઓછું.(૯.૧૩)

# તંત્રી સ્થાનેથી...

## લઘુ ઉદ્યોગોનું નવજીવન

ઘણા લાંબા ગાળા પછી કેન્દ્ર સરકારે સાવ નાના, લઘુ અને મધ્યમ કદના ઉદ્યોગો માટે ધ્યાન આપવાની શરૂઆત કરી છે એનાથી લઘુ ઉદ્યોગોની દિવાળી ખુશનુમા બનવાની છે. વડાપ્રધાન મોદી હવે ઉતાવળમાં છે અને શેતરંજી સંકેલાય એ પહેલા એટલે કે આ ટર્મ પૂરી થતા પહેલા તેઓ રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘની સૂચના પ્રમાણેના પેન્ડિંગ કામો ઉકેલવા ચાહે છે. લઘુ ઉદ્યોગોનો ઉદ્ધાર કરવા માટે સંઘે અનેકવાર કેન્દ્ર સરકારને ટકોર કર્યા પછી હવે કંઇક સત્તાવાર કામની શરૂઆત થઈ છે. આજકાલ સંઘ દ્વારા સરકારની ટીકા કરવાનો જે જાહેર કાર્યક્રમ ચાલે છે એના સુફળ પ્રજાને મળવાના છે. ભારતમાં સૌથી વધુ નોકરીઓ લઘુ ઉદ્યોગ સેકટરમાં જ મળે છે. દેશની સંખ્યાબંધ ફાઇનાન્સ કંપનીઓ સંકટમાંથી પાર થઇ રહી છે, મધ્યમ અને લઘુ ઉદ્યોગોને ફંડ મળવાની કટોકટી છે. શેર બજારમાં ફાઇનાન્સ કંપનીઓની પછડાટ પછી દેશના લઘુ ઉદ્યોગો એકાએક નવી નાણાં ભીડમાં ફસાઈ ગયા છે. સંઘે અને મિસ્ટર મોહન ભાગવતે દેશના તમામ લઘુ ઉદ્યોગો માટે નાણાંની પ્રવાહિતા જાળવવા કેન્દ્રની એનડીએ સરકારને અનુરોધ કર્યો હતો. જેને આધારે ભારત સરકારે સાવ નાના, લઘુ અને મધ્યમ પ્રકારના ઉદ્યોગોને એક જ કલાકમાં એક કરોડ રૂપિયાની લોન આપવાની અગાઉ એકવાર જાહેરાત કરી હતી. પરંતુ એના પરિણામો અજ્ઞાત રહ્યા છે.

વીસ લાખ કરોડ રૂપિયાના પેકેજ જેવી એ ગાથા છે. હવે ફરીવાર દેશના નાણાં મંત્રાલયે તમામ રાષ્ટ્રીયકૃત બેન્કોને અનુરોધ કરીને લઘુ ઉદ્યોગો માટે સકારાત્મક અભિગમ અપનાવવા નિર્દેશ કર્યો છે. એનાથી બેન્કો પહેલા કરતા ફેવરેબલ છે. પરંતુ બેન્કો પોતાની સત્તાવાર પ્રોસિજર કરતી હોવાને કારણે લઘુ ઉદ્યોગોને પાંચ-પચીસ હજારનો જ ઓવર ડ્રાફ્ટ મળે છે. એમાં વધારો કરવાની તાતી જરૂરિયાત આ સેક્ટર અનુભવે છે. લઘુ ઉદ્યોગો પાસેથી સરકારી ખરીદી પણ વધારવાનો અંદાજ છે. દેશના લઘુ ઉદ્યોગો મુખ્ય પ્રવાહથી વિખૂટા પડી ગયા છે, દેશમાં લાખો યુનિટો એવા છે કે જે નિયમિત રીતે જીએસટી ભરે છે, એમને માટે સરકારે નવી રાહતો પણ જાહેર કરી છે. દેશના લઘુ ઉદ્યોગો અત્યારે જે તકલીફમાં છે એ સરકારે સમજવાની જરૂર છે. લઘુ ઉદ્યોગોનો માલ ઉપડતો નથી. ચોતરફ જાયન્ટ કોર્પોરેટ કંપનીઓ અને તેમની લોભામણી સ્કીમોને કારણે લઘુ ઉદ્યોગોના ઉત્પાદનો ટકી શકતા નથી. મોટા ઉદ્યોગગૃહોએ ખુલ્લી બજારનો પૂરતો લાભ લઇને લઘુ ઉત્પાદક યુનિટોને હાંસિયામાં મૂકી દીધા છે. આ જાયન્ટ કંપનીઓ વારંવાર લઘુ ઉદ્યોગો પાસેથી માલ લે છે પરંતુ તેમને જરાક તકલીફ લાગે તો લઘુ ઉદ્યોગોનો માલ-ઉપાડ અટકાવે છે. સરકાર પોતે પણ લઘુ ઉદ્યોગો પાસેથી જ ખરીદી કરવાની પોલિસી ધરાવે છે, પરંતુ એનું બરાબર પાલન થતું નથી. પ્રચાર સભાઓમાં મિસ્ટર મોદી લઘુ ઉદ્યોગોના ઉદ્ધાર માટે પણ ઘણું બોલ્યા છે. એક તો એનડીએ પાસે આર્થિક વિઝન અસ્પષ્ટ છે અને તેમાં લઘુ ઉદ્યોગો વિશે તો આ સરકારને શું ખબર હોય ? - એવી માન્યતા પહેલી ટર્મ વખતે હતી. પરંતુ વડાપ્રધાન તરીકેની મિસ્ટર મોદીની આ બીજી ટર્મમાં સરકાર સતત મહાકાય કંપનીઓ અને કોર્પોરેટ કિંગ કક્ષાના ઉદ્યોગપતિઓને જ આસપાસમાં રાખે છે એ માન્યતાને તોડવા લઘુ ઉદ્યોગો તરફનો ઝોક વધ્યો છે. આપણા દેશમાં જિલ્લા કેન્દ્રો અને તાલુકા મથકો કક્ષાના જે ગામો છે ત્યાં નાના, લઘુ અને મધ્યમ કદના ઉદ્યોગો હજુ કોરોના અને લોકડાઉનની થપાટો ખાધા પછી પણ ધબકે છે.

### ભૂમિપૂજનમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને કેન્દ્રીય મંત્રી રૂપાલા હાજર રહેશે

# અમદાવાદમાં ઉમિયાધામનું શનિવારે ભૂમિ પૂજન થશે



## ૧૨૦૦ લોકો રહી શકે તેવી અત્યાધુનિક હોસ્ટેલનું નિર્માણ કરવામાં આવશે

**ભોજનશાળામાં રૂ.૫૦માં ભોજન, ૫૦ રૂમનું ગેસ્ટ હાઉસ,૨ બેન્કવેટ હોલ, પાર્ટી પ્લોટ પણ બનાવવામાં આવશે જે ખૂબ જ નજીવા દરેક સમાજના લોકોને આપવામાં આવશે. ઉમિયા કેરિયર અભિયાનમાં રૂ.૧ના ટોકનથી દીકરીઓને ભણાવવામાં આવશે**

(એજન્સી સમાચાર)


અમદાવાદ,તા.૧૮

આગામી ૧૧ થી ૧૩ ડિસેમ્બર ૨૦૨૧ દરમિયાન ભવ્યાતિભવ્ય શિલાન્યાસ કાર્યક્રમ યોજવામાં આવશે. જેમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજવામાં આવશે. આ કાર્યક્રમમાં આનંદીબેન પટેલ, આચાર્ય દેવવ્રત હાજર રહેશે. જ્યારે કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહને પણ આમંત્રણ આપવામાં આવ્યું છે. ૧૩ ડિસેમ્બરના શિલાન્યાસ કાર્યક્રમ માટે નરેન્દ્ર મોદીને આમંત્રણ આપવામાં આવ્યું છે તેઓ આવે તેવી પણ શકયતા છે.અમદાવાદમાં ઉમિયાધામનું ૨૦ નવેમ્બરે ભૂમિ પૂજન થશે. રૂપિયા ૫૫ કરોડના ખર્ચે બનવા જઈ રહેલું આ ઉમિયાધામ ૭૪,૦૦૦ ચોરસ વારમાં તૈયાર થશે. પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલની અધ્યક્ષતામાં યોજાનારા આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને કેન્દ્રીય મંત્રી પરસોત્તમ રૂપાલા પણ હાજર રહેશે. અમદાવાદ શહેરમાં તૈયાર થનારા આ ઉમિયાધામમાં ધર્મસંકુલ, શિક્ષણસંકુલ, આરોગ્ય સંકુલ, પાર્ટી પ્લોટ, બેન્કવેટ હોલ, ભોજનાલય, વિશ્રાંતિગૃહ જેવા જુદા જુદા વિભાગોનું નિર્માણ થઈ રહ્યું છે.

જેમાં ૧૨૦૦ લોકો રહી શકે તેવી અત્યાધુનિક હોસ્ટેલનું નિર્માણ કરવામાં આવશે. અમદાવાદ બહારથી આવતા યુવક-યુવતીઓ અહીંયા ભણતા હોય તે હોસ્ટેલમાં રહી શકશે. આ ઉપરાંત ભોજનશાળામાં રૂ.૫૦માં ભોજન આપવામાં આવશે. ૫૦ રૂમનું ગેસ્ટ હાઉસ બનાવવામાં આવશે. ૨ બેન્કવેટ હોલ બનાવવામાં આવશે. ઉપરાંત તેમાં પાર્ટી પ્લોટ પણ બનાવવામાં આવશે જે ખૂબ જ નજીવા દરે સમાજના લોકોને આપવામાં આવશે. ઉમિયા કેરિયર અભિયાનમાં રૂ.૧ના ટોકનથી દીકરીઓને ભણાવવામાં આવશે. આ સમગ્ર પ્રોજેક્ટ રૂ.૧૫૦૦ કરોડનો છે. રૂપિયા ૧૫૦૦ કરોડના ઉમિયાધામ માટે લોકો મોટી સંખ્યામાં આગળ આવીને દાન કરી રહ્યા છે. આ માટે ૨૧ લાખ, ૫૧ લાખ અને કરોડ રૂપિયાના દાન આવી રહ્યા છે.

પ્રોજેકટમાં ૧૦૦૦ ગાડીનું પાર્કિંગ પણ બનાવવામાં આવશે, જ્યારે ૧ મેડિકલ સેન્ટર ઉભું કરવા અંગે પણ વિચારણા ચાલી રહી છે. જેમ ભંડોળ આવશે તેમ પ્રોજેકટમાં એક બાદ એક કામ કરવામાં આવશે. ૨૦મી નવેમ્બરે યોજાનારા ભૂમિ પૂજન કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે કેન્દ્રીય મંત્રી પરસોત્તમ રૂપાલા હાજર રહેશે. કડવા અને લેઉવા પટેલની ૪૩ સંસ્થાના આગેવાનો પણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. ઊંઝા ઉમિયા સંસ્થાન સોલાના મંત્રી દિલીપ પટેલે જણાવ્યું હતું કે, પાટીદારો પર આંદોલન સમયે જે કેસ થયા છે, તે પરત ખેંચવા અમારી સંસ્થા તરફથી સરકારને અગાઉ રજૂઆત કરવામાં આવી હતી અને નવા મુખ્યમંત્રીને પણ રજૂઆત કરવામાં આવી છે. સમાજના યુવાઓ સાથે અમારી લાગણી છે સરકાર આ મામલે વિચારણા કરીને નિર્ણય કરે તેવી અમને આશા છે.

# જામકંડોરણાના ખજૂરડા ગામે યુવાન ઉપર ત્રણનો હુમલો



(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)

રાજકોટ,તા.૧૮

જામકંડોરણાના ખજૂરડા ગામે રહેતા કાંતિભાઈ ચનાભાઈ બાબરીયા(ઉ.વ.૪૦)નામનો યુવાને ફરિયાદમાં ગામના જ ભીમજીભાઈ જેઠાભાઈ સોલંકી,જયેશ ભીમજીભાઈ સોલંકી અને સંજય ઉર્ફે ચંદુ કાળા સોલંકીનું નામ આપતા મારકુટ અને ધમકી આપ્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

કાંતિભાઈએ ફરિયાદમાં જણાવ્યું હતું કે હું ખેતમજૂરી કરું છું.મારો પુત્ર ગૌશાળાએથી ગાય લઈને જતો હતો ત્યારે ત્રણેય આરોપીઓએ ગાયને સાઈડમાં ચલાવવાનું કહી માથાકૂટ કરી ઢીકાપાટુનો મારમારી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.આ અંગે જામકંડોરણા પોલીસ સ્ટાફે ફરિયાદ નોંધી ત્રણેય સામે કાર્યવાહી કરી હતી.

# વાંકાનેર નજીક ટ્રક હડફેટે યુવાનનું મોત

રાજકોટ, તા.૧૮

વાંકાનેરના જીવનપરા વિસ્તારમાં રહેતો રાજુ કાનજીભાઈ સીતાપરા (ઉ.વ.૩૫) ગઈકાલે બપોરે વાંકાનેર બાયપાસ પર ચાલીને જતો હતો ત્યારે પૂરપાટ ઝડપે આવતા ટ્રકચાલકે હડફેટે લેતા યુવાનને શરીરના ભાગે ગંભીર ઈજા થતા પ્રથમ વાંકાનેર હોસ્પિટલ બાદ વધુ સારવાર અંગે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો ત્યાં તેનું સારવાર



દરમિયાન મોત નિપજ્યું હતું.

# રાજકોટ જેલમાં મેલેરિયાગ્રસ્ત કેદીનું મોત

(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)

રાજકોટ, તા.૧૮

રાજકોટ જિલ્લા મધ્યસ્થ જેલના એક કેદીનું રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત થતા ચકચાર મચી છે. મૃતક કાચા કામનો કેદી નિતેશકુમાર મહેશકુમાર જાંગડ (ઉ.વ.૨૪) મુળ રાજસ્થાનનો વતની છે. જેતપુરની લૂંટની ઘટનામાં તેની સંડોવણી ખૂલતા પોલીસે તેની ધરપકડ કરી જેલ હવાલે કર્યો હતો. મૃતક મેલેરિયાગ્રસ્ત હોવાનું જાણવા મળ્યું છે.

વિસ્તૃત વિગત મુજબ ગઈકાલે સાંજે હેડ કોન્સ્ટેબલ મનોજભાઈ કેદી પાર્ટીના અન્ય સ્ટાફ સાથે રાજકોટ જેલના બે કેદીઓને સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલ લાવ્યા હતા જેમાં નિતેશકુમાર જાંગડ અને તેજસ



ભરત સારેલા (ઉ.વ.૨૧)નો સમાવેશ થાય છે. બન્ને કેદીને ગઈકાલે સાંજે સાડા ચાર વાગ્યે હોસ્પિટલમાં દાખલ કરાયા હતા જ્યાં કાચા કામના કેદી નિતેશકુમાર જાંગડનું વહેલી સવારે સાડા ત્રણ વાગ્યે સારવાર દરમિયાન જ મોત નિપજ્યું હતું. જેલ સૂત્રોના જણાવ્યા મુજબ નિતેશકુમાર મુળ રાજસ્થાનનો વતની છે, જેતપુર પોલીસે લૂંટના ગુનામાં તેની ધરપકડ કર્યા બાદ ૨૫ દિવસ પહેલાં તેને જેલ હવાલે કરાયો હતો.

જેલમાં આવતા પહેલાં નિતેશનો કોરોના ટેસ્ટ કરાયો હતો જે નેગેટિવ આવ્યો હતો પરંતુ નવા કેદીને કવોરન્ટાઈન રાખવાનો નિયમ છે, તેથી તેને ખાસ સેલમાં કવોરન્ટાઈન રખાયો હતો. નિતેશને સતત તાવ આવતો હોવાથી પ્રથમ જેલના તબીબોએ જ તેની સારવાર ચાલુ રાખી હતી. ગઈકાલે નિતેશની તબિયત વધુ બગડતી જણાતા તેને રાજકોટ સિવિલમાં દાખલ કરવા તબીબોએ સલાહ આપતા અત્રે દાખલ કરાતા તેને મેલેરિયા હોવાની પુષ્ટિ થઈ હતી અને સારવારમાં જ દમ તોડી દીધો હતો. આ તરફ બીજા કેદી તેજસ ચારોલાને સામાન્ય બિમારી હોય તેની તબિયત સ્થિર હોવાનું જાણવા મળે છે.




# નવલનગરમાં જુગાર રમતા ત્રણ ઝડપાયા



(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)

રાજકોટ,તા.૧૮

શહેરની મવડી રોડ પર આવેલા નવલનગર શેરી નં.૯ના છેડે જુગાર રમવા બેઠેલા ત્રણ શખ્સોને માલવીયાનગર પોલીસની ટીમે દબોચી લઈ રૂ.૩૫૦ની રોકડ જપ્ત કરી ગુનો નોધ્યો છે.

માલવીયાનગર પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે બાતમી મળતા નવલનગર શેરી નં.૯ના છેડે ગંજીપાના વડે જુગાર રમતા રીક્ષાચાલક પરેશચંદુ ડાંગર (ઉ.વ.૩૭ રહે વિનાયકનગર શેરી નં.૮, મવડી રોડ) વિશાલ રામા રાઠોડ (ઉ.વ.૨૮ રહે નવલનગર શેરી નં.૩/૧૮નો ખુણો, વાછરાદાદાના મંદિર પાસે) અને લખન ડાયા સુરેલીયા (ઉ.વ.૩૨ રહે વિનાયક નગર શેરી નં.૨, દીલખુશ ચોક)ને દબોચી લઈ કાયદેસર કાર્યવાહી કરાઈ હતી.

### દિપોત્સવી પર્વની ઉજવણીના ભાગરૂપે

# સિસ્ટર નિવેદિતા શૈક્ષણિક સંકુલના વિદ્યાર્થીઓ માટે રંગોળી સ્પર્ધા યોજાઈ

## દિપ સુશોભન અને આરતી સુશોભન સ્પર્ધા પણ યોજાઈ, પ્રથમ ૫ વિજેતા સ્પર્ધકોને પારિતોષિક અપાયું

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૮

સિસ્ટર નિવેદિતા શૈક્ષણિક સંકુલના વિદ્યાર્થીઓ માટે દિપોત્સવી તહેવારોની ઉજવણીના ભાગરૂપે ગત તા.૧ સોમવારે શાળા પ્રાંગણમાં રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. સ્પર્ધામાં વિદ્યાર્થી ભાઈ-બહેનોએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ તેમજ વિવિધ માધ્યમો જેવાં કે ચીરોડીના રંગ, વિવિધ પ્રકારના અનાજ-કઠોળ, લાકડાંનો વ્હેર વગેરેનો ઉપયોગ કરી પંદર જેટલી સુંદર કલાત્મક ગોળી તૈયાર





કરેલી. રંગોળી સ્પર્ધા ઉપરાંત દિપ-સુશોભન અને આરતી-સુશોભન સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવેલ. આ બધી જ સ્પર્ધાઓમાં ૫૦ જેટલા વિદ્યાર્થી ભાઈ-બહેનોએ ભાગ લીધેલ. પ્રથમ પાંચ વિજેતા સ્પર્ધકોને પારિતોષિક આપી પ્રોત્સાહિત કરવામાં આવેલ. રંગોળી સ્પર્ધા પૂર્ણ થયે સંસ્થાના સંસ્થાપક ગુલાબભાઈ જાની સહિત વિશાળ સંખ્યામાં વાલીઓએ કલાત્મક રંગોળીનું નિરીક્ષણ કરી વિદ્યાર્થીઓની કલાને બિરદાવેલ. તેમ સંસ્થાની યાદીમાં જણાવાયું છે.

# જુનાગઢ ઝૂમાં સિંહણે પાંચ સિંહબાળને જન્મ આપ્યો



(અમારા પ્રતિનિધિ દ્વારા)

જુનાગઢ,તા. ૧૮

જુનાગઢ સક્કરબાગ ઝૂમાં સિંહણે એક બે ત્રણ નહીં પાંચ સિંહ બાળને જન્મ આપ્યો હતો. ઝૂ સ્ટાફમાં ખુશીનો માહોલ છવાયો છે.

સક્કરબાગ ઝૂમાં રહેતી સિંહણ ડી-૯એ એવન નાના સિંહ સાથે સંવર્ધન કરતાં ડી-૯ સિંહણે એક પછી એક પાંચ સિંહ બાળને જન્મ આપ્યો હતો. જેની વેટનરી સ્ટાફ સતત દેખરેખ રાખી રહ્યા છે. તમામ બચ્ચા-માતાની તબીયત સારી હોવાનું ઝૂ સંચાલકોએ જણાવ્યું છે. અગાઉ પણ આ સિંહણે ૩ બાળકને જન્મ આપ્યો હતો.

# ડિજિટલ કંકોત્રીની માંગ વધતાં કંકોત્રી બિઝનેસ 30 ટકા ઘટ્યા

(એજન્સી સમાચાર)

અમદાવાદ,તા.૧૮

ડિજિટલ 3D કંકોત્રી ટ્રેન્ડમાં છે જેમાં મેરેજના દરેક ફંક્શનનું લુક એન્ડ ફીલ હોય છે. આ યુનિક 3D ઇન્વિટેશન કાર્ડ લક્ઝુરિયસ વેડિંગમાં ઇન્ટ્રોડ્યુસ થયા છે જેની કિમંત અંદાજે ૨૦થી ૨૫ હજાર રૂપિયા છે. જ્યારે બિઝનેસ મેન નિલેશ ત્રિપાઠી જણાવે છે કે, ડેસ્ટિનેશન વેડિંગ અને રોયલ વેડિંગ માટે ડિજિટલ કંકોત્રીની ૩ ગણી ડિમાન્ડ છે. મેરેજમાં પણ ડિજિટલ કંકોત્રીનું પ્રમાણ વધ્યું છે.

દરેક એજન્સીમાં માર્ચ સુધી બુકિંગ ફૂલ છે. લોકો લિમિટેડ કંકોત્રી પ્રિન્ટ કરાવે છે. કંકોત્રીના બિઝનેસ સાથે જોડાયેલ દિપક કોન્ટ્રાક્ટર કહે છે કે,



લૉકડાઉનના કારણે પેપર કોસ્ટિંગના ભાવમાં 30 ટકા જેટલો વધારો આવ્યો છે. પરંતુ અમે બે વર્ષ પછી ઉઘડેલી ઘરાકી સાચવી રાખવા અને ગ્રાહકને સાચવવા કંકોત્રીના ભાવમાં સામાન્ય પાંચ ટકાનો વધારો કર્યો છે.કોરોના પહેલા લોકો મોટાભાગે ફૂડના પેકજીસમાંથી ફૂડની પસંદગી કરતા હતા પણ કોરોના બાદ લિમિટેડ લોકો સાથે પરવાનગી હોવાથી સાથે જ હેલ્થી

### વર-વધુ સહિત સમગ્ર પરિવારના ઇન્વિટેશન વીડિયોનો ટ્રેન્ડ છેલ્લા એક વર્ષમાં વધ્યો

પ્રોડક્ટ્સ અને લાઇવ કાઉન્ટરને વધારે પ્રિફર કરી રહ્યા છે. હાલમાં પેકેજ નહિ વાનગીઓની ડિશ પ્રમાણે કોસ્ટ લેવામાં આવે છે. જ્યારે વિધિ કેટરર્સના કમલેશ પ્રજાપતિ જણાવે છે કે, આ સિઝનમાં ફૂડમાં લોકો લાઇવ કાઉન્ટર્સ વધુ પ્રિફર કરી રહ્યા છે.આ વર્ષે એક્ઝોટિકા વેજીટેબલ્સ ડિશની ડિમાન્ડની સાથે જાપાનિઝ, મેક્સિકન અને પર્સિયન ફૂડ ડિશ લોકો સૌથી વધારે પ્રિફર કરી રહ્યા



છે. લોકોનો આગ્રહ એક જ છે કે તેઓને ગરમ ફૂડ મળી રહે. છેલ્લા દોઢેક વર્ષથી કોરોનાને કારણે લગ્નની સિઝનમાં લોકો સાદગી કે પછી સરકારી ગાઈડ લાઈનને અનુસરીને લગ્ન પ્રસંગ પુરો કરતાં હતાં. પરંતુ હવે કોરોના બાદ લગ્ન પ્રસંગની સિઝન ફરીવાર શરૂ થશે. ત્યારે વેડિંગ સેક્ટરમાં અનેક પ્રકારના બદલાવ આવ્યાં છે. જેમાં કંકોત્રીથી લઈને ફૂડ અને ડેકોરેશનમાં વિવિધતા જોવા મળી

### એક્ઝોટિકા વેજીટેબલ ડિશ, પર્સિયન, જાપાનિઝ અને મેક્સિકન ફૂડનાં લાઈવ કાઉન્ટરની ડિમાન્ડ

છે.કોરોનાના સમયમાં ડિજિટલ કંકોત્રીઓનું ચલણ વધ્યું છે. બીજી તરફ ડેકોરેશનનું બજેટ ઘટયું છે, મેરેજ પહેલાના પ્રિફંક્શન્સમાં લોકો મિનિમમ ડેકોર કરાવવાનું પસંદ કરી રહ્યા છે. ફૂડની વાત કરીએ તો એક્ઝોટિકા વેજીટેબલ ડિશ, પર્સિયન, જાપાનિસ અને મેક્સિકન ફૂડનાં લાઈવ કાઉન્ટરની ડિમાન્ડ આ વર્ષે વધારે જોવા મળી રહી છે. કંકોત્રીના બિઝનેસમાં ૩૦ ટકાનો ઘટાડો થયો છે. જ્યારે ડિજિટલ કંકોત્રીમાં ૮૦ ટકા સુધીનો વધારો થયો છે. લોકો હવે માત્ર કંકોત્રી લખવાના ફંકશન અને વિધિ માટે ગણતરીની કંકોત્રીઓ પ્રિન્ટ કરાવીને ડિજિટલ કંકોત્રી વધુ પ્રિફર કરી રહ્યા છે.વર-વધુ સહિત સમગ્ર પરિવારના ઇન્વિટેશન વીડિયોનો ટ્રેન્ડ છેલ્લા એક વર્ષમાં વધ્યો છે. પર્સનલાઇઝ ફીલ સાથે કોસ્ટ ઇફેક્ટિવ અને સમયનો પણ બચાવ કરતો હોવાથી આ ઇન્વિટેશન કાર્ડ લોકો વધારે પસંદ કરી રહ્યા છે. પહેલા મેરેજ સાથે પ્રિફંક્શન્સમાં ડેકોરેશન માટે લોકો બજેટ ફાળવતા હતા પણ કોરોના પછી હાલમાં ઓરિજનલ ફલાવર્સમાં ભાવ વધારાને કારણે અને હવે મેક્સિમમ લોકો આર્ટિફિશિયલ ફલાવર્સના કોમ્બિનેશન સાથે ડેકોરેશન કરાવી રહ્યા છે.

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતિ સાંધ્ય દૈનિક

**સૌરાષ્ટ્ર ક્રાંતિ સાંધ્ય દૈનિક પેપરની ઇ-પેપર PDF મેળવવા માટે આપના મોબાઇલ પરથી મો.70483 63882 અથવા તો 93752 17603 પર આપનું નામ, તેમજ શહેરનું નામ લખી વોટ્સએપ કરો.**

### જામનગરના રસાયણક્ષેત્રના વિદ્યાર્થીઓ દ્વારા

# બટન દબાવતા ૧૧૮ તત્વોની માહિતી મળતું ટેબલ બનાવાયુ

(અમારા પ્રતિનિધિ દ્વારા)

જામનગર,તા.૧૮

રસાયણવિજ્ઞાનક્ષેત્રે શોધાયેલા અત્યાર સુધીના તમામ ૧૧૮ તત્વોને ખૂબ સારી રીતે રજૂ કરવામાં આવ્યા છે. ઉપરાંત આ તત્વનો ઉપયોગ રોજિંદા જીવનમાં વપરાતી ચીજવસ્તુઓમાં થાય છે તેના નમુના પણ રાખવામાં આવ્યા છે. આ ટેબલની ખાસિયત એ છે કે તેમાં દર્શાવેલ તમામ તત્વોનો ઇતિહાસ તેમજ તેના ઉપયોગો માત્ર એક બટન દબાવતા જાણવા મળે છે. આ ટેબલ વિજ્ઞાનમા રસ ધરાવતાં વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકોને ખૂબ ઉપયોગી રહેશે.

જામનગરમાં શરૂ સેકશન રોડ પાસે રહેતી અને ધોરણ-૧૨ સાયન્સમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિની ફલક વિનોદભાઈ પાબારીએ વડોદરાના બે એન્જિનિયર સાથે મળીને રૂ. ૨ લાખના ખર્ચે ગુજરાત રાજ્યનું પ્રથમ ઈન્ટરેક્ટિવ પિરિઓડિક ટેબલ ડિઝાઈન કર્યું છે. વિદ્યાર્થીઓનો વિજ્ઞાન પ્રત્યેનો સર્જનાત્મક દ્રષ્ટિકોણ ખીલે તથા રસાયણવિજ્ઞાનક્ષેત્રે વિદ્યાર્થીઓને વધુ રસ પડે તે હેતુથી આ ટેબલ બનાવ્યાનું તેણીએ જણાવ્યું હતું.

**વાચકોએ નોંધ લેવી**

કે કોઇપણ જાહેર ખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઇ બાહેંધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પુરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

વ્યવસ્થાપક: સૌરાષ્ટ્ર ક્રાંતી

સૌરાષ્ટ્ર ક્રાંતિ



### વાતાવરણમાં અચાનક પલટો થતા

# કેશોદ તાલુકામાં ખેડૂતોએ રાત્રે ઓપનેર થ્રેશર શરૂ કર્યા



## કમોસમી વરસાદ થશે તો શિયાળુ પાકને નુકશાન થવાની શકયતા

(ગોવિંદ હડિયા દ્વારા)

કેશોદ, તા.૧૮

શિયાળાની ઋતુમાં અચાનક વાતાવરણમાં પલટો આવતા વરસાદી માહોલ સર્જાતા ખેડુતો મુંઝવણમાં મુકાયા છે ચાર મહીનાની મહેનત બાદ મગફળીનો તૈયાર થયેલ પાક હાથમાંથી જવાની ભીતીથી ખેડુતોએ રાત્રીના સમયે ઓપનેર થ્રેશર શરૂ કરી ખેત પેદાશો સાચવવા કામે લાગ્યા છે. એક તરફ ખેડુતો મગફળીનો પાક સાચવવાની તૈયારી કરી રહ્યા છે તો બીજી તરફ આગોતરી મગફળીનું વાવેતર કરનાર ખેડુતો મગફળીનો પાક સાચવી લીધા બાદ શિયાળુ પાકનું વાવેતર કરવાની ઉતાવળ કરી રહ્યા છે. વાતાવરણમાં બદલાવના કારણે કમોસમી વરસાદ થશે તો અમુક ખેડુતોએ થોડા દિવસો પહેલા કરેલ શિયાળુ પાકના વાવેતરમાં નુકશાની થવાની પણ શકયતા છે. હાલ ખેડુતોમાં નિરાશા જોવા મળી રહી છે.

### લોકસેવક માનભાઈ ભટ્ટની સ્મૃતિમાં

# ભાવનગરમાં શિશુવિહાર પ્રાંગણમાં નાગરિક સન્માન સમારોહ યોજાશે

## ૭૫ સ્વૈચ્છિક સંસ્થાઓનું અભિવાદન કરાશે

(નટવરલાલ ભાતિયા દ્વારા)

ભાવનગર, તા.૧૮

લોકસેવક માનભાઇ ભટ્ટની સ્મૃતિમાં સતત ૩૧ માં વરસે નાગરિક સન્માન સમારોહ આગામી તા.૨૧ રવિવારે શિશુવિહાર પ્રાંગણમાં યોજાશે સ્વતંત્રતાનાં અમૃત મહોત્સવ પ્રસંગે આરોગ્ય, બાળકેળવણી, પર્યાવરણ જાગૃતિ, બાળ-મહિલા ઉત્કષ વિષયે સેવારત રાજ્યની ૭૫ સ્વૈચ્છિક સંસ્થાઓનું મોરારિબાપુની પ્રેરક ઉપસ્થિતિમાં અભિવાદન કરવામાં આવશે. ૧૪ નવમ્બર ૨૦૧૧ પ્રતિકાર ભર્યા પુરુષાર્થથી પ્રભુપ્રિતિયર્થે લોક સેવાના કાર્યમાં જોડાએલ અને ગુજરાતના મહાજન પણાને જાળવી રાખતી સંસ્થાઓને માનભાઇની સ્મૃતિમાં શિલ્ડ, ખેસ, પુસ્તક સંપુટ તથા તમામ સંસ્થાઓની કામગીરીને વ્યકત કરતા ગ્રંથથી સંન્માનિત કરવામા આવનાર છે.

માનવ જયોત ટ્રસ્ટ, મુંબઇ તથા ચિત્રકૂટધામ ટ્રસ્ટ, તલગાજરડાના સહયોગથી યોજાતા કાર્યક્રમ પ્રસંગે મોરારિબાપુ ખાસ દીલ્હી - રામકથા પુર્ણ કરી રાજયભરમાથી પધારેલ સ્વૈછિક સંસ્થાઓના સંચાલકોને માર્ગદર્શન, આશિર્વચન આપશે. ઉપરાંત વિશ્વામિત્ર આંદોલનનાં પ્રણેતા પદ્મશ્રી, પર્યાવરણ વિજ્ઞાની ડો.એમ.એચ મહેતા સ્વૈચ્છિક સંસ્થાઓનાં સંકલન અને સમાજ વિકાસ અંગે માર્ગદર્શન આપશે. ભાવનગરની સેવા અને શિક્ષણની ઓળખરૂપ શિશુવિહાર પ્રાગણમાં યોજાતા માનભાઇ ભટ્ટ સ્મૃતિ નાગરિક અભિવાદન સમારોહમાં તથા પુજય બાપુના આશિર્વાદ પામ કરવા નાગરિકોને બપોરે ૩ વાગે શિશુવિહાર પ્રાંગણમાં પધારવા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# કાલાવડ રોડ પર બ્રિજની સ્થળ મુલાકાત લેતા મેયર



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૮

મહાનગરપાલિકા દ્વારા શહેરમાં ટ્રાફિકની સમસ્યા હળવી થાય તેવા હેતુથી જુદા જુદા વિસ્તારમાં ૬ સ્થળોએ બ્રિજની કામગીરી ચાલી રહેલ છે. ચાલી રહેલ બ્રિજની કામગીરી સમયમર્યાદા પહેલા પૂર્ણ થાય તે માટે પદાધિકારી દ્વારા અવારનાવર સ્થળ મુલાકાત લેવામાં આવી રહી છે અને બ્રિજની કામગીરી કરતી એજન્સીઓની દિવસ-રાત કામગીરી કરવા જણાવવામાં આવેલ. જેના અનુસંધાને ગઈકાલ તા.૧૭ ના રોજ રાત્રે કાલાવડ રોડ પર જડુઝ હોટેલ ખાતે રૂ.૨૯ કરોડના ખર્ચે ચાલી રહેલ ઓવરબ્રિજની કામીગીરીની મેયર ડો.પ્રદિપ ડવએ સ્થળ મુલાકાત લીધેલ.(૧.૧૬)

# આજે નેશનલ કેડેટ કોર્પ્સ (એન.સી.સી.) દિન



(નટવરલાલ ભાતિયા દ્વારા)

દામનગર, તા.૧૮

વિદ્યાર્થીઓને શિસ્ત અને લશ્કર જેવી વિવિધ તાલીમ આપવા માટે તા.૧૮ નવેમ્બર .૧૯૪૮ ના રોજ નેશનલ કેડેટ કોર્પ્સ (એન.સી.સી) ની સ્થાપના કરવામાં આવી. તા.૧૮ નવેમ્બરના રોજ એન.સી.સી.દિન ઊજવવામાં આવે છે ગુજરાતમાં એન.સી.સી.નો પ્રારંભ ૧૯૬૩ ફેબ્રુઆરીથી અમદાવાદમાં થયો હતો અને ત્યાર પછી દમણ દીવ અને દાદરા-નગર હવેલીની યુનિટોનો સમાવેશ કરવામાં આવેલ દેશભરમાં આ પ્રવૃત્તિના ૧૬ ડાયરેક્ટોરેટના ૧૨ લાખ જેટલા કેડેટોમાં ગુજરાતના ૩૫ યુનિટના ૫૩૨૦૦ કેડેટો છે. સિયાચીન બેઝકેમ્પમાં ગુજરાત એન.સી.સી.ના છાત્રોએ સાબિત કર્યું કે, તેઓ કોઈ ક્ષેત્રમાં પાછળ નથી ત્યારબાદ નર્મદા એકસપિડિશન પણ સફળતાપૂર્વક પૂરું કર્યું તે એક સીમાચિહ્નરૂપ બાબત છે. ગુજરાત એન.સી.સી દર મહિનાના સમયે સિયાચીન બેઝકેમ્પ રેલી નર્મદા એકસપિડિશન જેવી સાહસિક પ્રવૃત્તિ કરે છે.

# જસદણઃ રૂદ્ર એગ્રો ઈન્ડસ્ટ્રીઝમાંથી કોપર વાયરની ચોરી



(કરશન બામટા દ્વારા)

જસદણ, તા.૧૮

જસદણ આટકોટ રોડ ઉપર આવેલ રુદ્ર એગ્રો ઇન્ડસ્ટ્રીઝ માં મોડી રાત્રે કોઈ અજાણ્યા તસ્કરો ચોરી કરવાના ઇરાદે ખાબક્યા હતા ઈન્ડસ્ટ્રીઝમાં રહેલ અંદાજે ૨૦ હજારના કોપર વાયરની ચોરી કરી નાસી જતા અન્ય ઉધોગકારોમાં પણ ફફડાટ વ્યાપી ગયો હતો.

જોકે ઇન્ડસ્ટ્રીઝ કોપર વાયરની ચોરી થઈ હતી ત્યાં સીસી કેમેરા લગાવેલા હોવાથી ચોરી કરનાર તસ્કરો કેમેરામાં કેદ થઇ ગયા હતા આ ચોરીના બનાવ અંગે જસદણ પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો ઈન્ડસ્ટ્રીઝમાં રહેલ સીસી કેમેરા ના ફૂટેજના આધારે ચોરને પકડી પાડવા તપાસ હાથ ધરી હતી.

### કાનૂની સેવા સમિતિએ ઈન્ડિયા લીગલ અવેરનેસની ઉજવણી કરી

# જસદણ ન્યાયાલયમાં સ્નેહમિલન અને પ્રમાણપત્ર વિતરણનો કાર્યક્રમ યોજાયો



## તાલુકાના ગામોમાં ડોર ટુ ડોર કેમ્પેઈન અને લીગલ શિબિર તેમજ સેમિનાર ઉપરાંત વિવિધ પ્રતિયોગિતા યોજાઈ

(ધર્મેશ કલ્યાણી દ્વારા)

જસદણ, તા.૧૮

નામદાર નેશનલ લીગલ સર્વિસ ઓથોરિટી નવી દિલ્હી તેમજ ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળના આદેશ મુજબ અને રાજકોટ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના સૌજન્યથી જસદણ તાલુકા કાનૂની સેવા સમિતિએ તા.૨/૧૦ થી ૧૪/૧૧ સુધી પાન ઇન્ડીયા લીગલ એવેરનેસની ઉજવણી કરેલ.

જેમાં જસદણ તાલુકાના તમામ ગામોમાં ડોર ટુ ડોર કેમ્પેઇન અને લીગલ શિબીરો તેમજ સેમિનારો કરેલ, ઉપરાંત સાયકલ રેલીનું આયોજન, સ્લોગન રાઇટિંગ, એકપાત્ર અભિનય પણ કરવામાં આવેલ.

આમ વિવિધ પ્રતિયોગિતામાં ભાગ લીધેલા વિદ્યાર્થીઓ તેમજ એડવોકેટ મિત્રોને જસદણ ન્યાયાલયના લીગલ વિભાગના તાલુકા સેવા સમિતિના અધ્યક્ષ અને પ્રિન્સિપાલ સીનીયર સિવિલ જજ અને એડી.ચીફ જ્યુડી.મેજિસ્ટ્રેટ પી.એન.નવીન તથા એડીશનલ સિવિલ જજ અને જયૂડીશયલ મેજિસ્ટ્રેટ એસ.એસ.જાની દ્વારા સર્ટિફિકેટ આપવામાં આવ્યાં હતાં.

# જસદણ અને વિંછીયા તાલુકામાં અખિલ ભારતીય માનવાધિકાર નિગરાની સમિતિના હોદ્દેદારોની નિમણૂંક




(ધર્મેશ કલ્યાણી દ્વારા)

જસદણ, તા.૧૮

અખિલ ભારતીય માનવાધિકાર નિગરાની સમિતિ ન્યુ દિલ્હીના ગુજરાત પ્રદેશ પ્રમુખ નિલેશભાઈ જોશી અને પ્રદેશ મહામંત્રી દુષ્યંતસિંહ રાજ દ્વારા જસદણ પંથકમાં વિવિધ ક્ષેત્રે લોક ઉપયોગી કાર્યોમાં પ્રસંશનીય સક્રિયતા દાખવનાર જસદણ - વિંછીયા તાલુકાના પ્રમુખ પદે મેહુલભાઈ સંઘવી, ઉપપ્રમુખ વલ્લભભાઈ જીંજુવાડીયા, મહામંત્રી હસમુખભાઈ મકવાણા મંત્રી દિલીપભાઈ બલભદ્ર સહમંત્રી રમેશભાઈ જેસાણી તેમજ જસદણ શહેર ઉપપ્રમુખ હિતેશભાઈ જોશી, મહામંત્રી વિજયભાઈ જે. રાઠોડ મંત્રી અશોકભાઈ ઠકરાળ, જસદણ શહેર મહિલા વિંગના પ્રમુખ હર્ષાબેન ચાવડા, કાનૂની સલાહકાર સમિતિના સભ્ય પદે પ્રકાશભાઈ પ્રજાપતિ, જસદણ શહેર મીડિયા ઈન્ચાર્જ પિયુષભાઈ વાજા અને સક્રિય સભ્ય સુરેશભાઈ ધોળકીયા, પ્રવિણભાઈ ચોલેરા, તરૂણભાઈ પરમારની નિમણુંક કરવામાં આવી છે.

(અનુ.છેલ્લા પાનાનુ ચાલુ)

## અર્થવિહિન બરાડા, અકારણ જીભાજોડી... લોકપ્રશ્નો અલોપ...!!

શાસક અને વિપક્ષ બંને સંયોજન સાધીને શાંતિ અને ગાંભીર્યથી શહેરીજનોનાં પાયાનાં મહત્વપૂર્ણ પ્રશ્નોની ચર્ચા વિચારણા કરે, પરસ્પર સમજદારી બતાવીને શક્ય તેટલા પ્રશ્નો બેઠકમાં હલ કરવામાં આવે એ કાર્યવાહીની સાચી રીત ગણાય. પરંતુ આજે લોકોનાં ૪૦ પ્રશ્નો ક્યાં ગયા. તેની કોઈને કશી ખબર પડી નહીં. એકમાત્ર એવા મુદ્દા પર અર્થ વગરની ચર્ચા કરીને આખી કાર્યવાહી સમેટી લેવામાં આવી જે મુદ્દો રાજકોટની આમ જનતાને કોઈ અસર કરતો નથી. અહીં શાસક કે વિપક્ષની ટીકા કરવાનો કે માછલા ધોવાનો હેતુ નથી. પણ જવાબદાર નાગરિકોનાં હૈયાની લાગણી વ્યક્ત કરવાનો હેતુ છે. મોબાઈલનાં વેરા બાકી રહી ગયા તે એક જ મુદ્દા પર આખા બોર્ડની નજર મંડાતી રહે અને મહત્વનાં પ્રશ્નો ચર્ચાય જ નહીં એ સમગ્ર ઘટના શહેરીજનો માટે આંચકારૂપ છે અને પીડાદાયક છે. ભવિષ્યમાં આજનાં જેવી પરિસ્થિતિનું પુનરાવર્તન ન થાય તે જોવાની પદાધિકારીઓ, અધિકારીઓ અને વિપક્ષ બધાની જવાબદારી બને છે. લોકો બહુ મોટી અપેક્ષા સાથે ચૂંટીને એમના પ્રતિનિધિ તરીકે એમની પસંદગીનાં પ્રતિનિધિઓને મનપામાં મોકલતા હોય છે. લોકો માટે લોકો ખાતર અને લોકો થકી મનપામાં બિરાજતા જવાબદારો મહત્વની બેઠકોમાં પણ જો માત્ર રાડારાડી, અર્થહિન બુમબરાડા અને ક્ષુલક મુદ્દા પર ચર્ચાઓનાં રાજકીય નાટક કરતા રહેશે તો કદી લોકોનું ભલું થશે નહીં. રાજકારણનું નામ માત્ર વિરોધ અને ટીકા નથી અને વિરોધ અને ટીકા ન સાંભળવાની અસહિષ્ણુતા પણ નથી. આ સોનેરી રાજકીય મંત્ર ગણીને ગાંઠે બાંધવામાં આવે તો રાજકોટની જનતાનાં હિતમાં રહેશે.(૨.૧૨)

# સૌ.યુનિ ની સેનેટ ચૂંટણીમાં મતદાન નોંધણી ઓનલાઈન કરવા એબીવીપીની માંગ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૮

અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા આગામી રજીસ્ટર સેનેટ ઈલેક્શનનો બહિષ્કાર કરવામાં આવ્યો છે. વર્ષ ૨૦૧૭ રજીસ્ટર સેનેટની પ્રક્રિયા ઓનલાઈન જે ખૂબ જ સફળતાપૂર્વક પૂર્ણ થઇ હતી. ઓનલાઈન પ્રક્રિયા આ વખતની ચૂંટણીમાં કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

આજુબાજુનાં જિલ્લાઓ તથા વિસ્તારોમાંથી વિદ્યાર્થીઓને ફોર્મ ભરવા તેમજ જમા કરાવવામાં મુશ્કેલ ન પડે તેમ એબીવીપી નાં મંત્રી જય મેહતાએ જણાવ્યું છે.(૧.૧૨)




# ગુજરાતના સુપ્રસિધ્ધ લોક ગાયિકા અલ્પાબેન પટેલનું રાજયપાલના હસ્તે સન્માન

(હાર્દિક સોરઠિયા દ્વારા)

અમરેલી, તા.૧૮

અમરેલી જિલ્લાના નાના મુંજીયાસર ગામે ખેડૂત પરિવારમાં જન્મ લેનાર અલ્પાબેન પટેલ પીટીસી સુધીનું શિક્ષણ પૂર્ણ કર્યું છે. ખુબ જ નાની ઉંમરે લોકગીત અને ભજન ગાવાની શરૂઆત કરી હાલમાં ૧૮ વર્ષ જેટલી આ જ ક્ષેત્રમાં સફર કાપી, સમગ્ર ભારતમાં એમને સુપ્રસિદ્ધ લોક ગાયિકા તરીકે નામ હાંસલ કર્યું છે. તેમને અનેક દેશોમાં સ્ટેજ પ્રોગ્રામ આપી પોતાના સ્વરથી લોકોને મંત્રમુગ્ધ કર્યા છે.

અલ્પાબેન પટેલએ સમૂહ લગ્નને ગૌશાળાના લાભાર્થે યોજાયેલા ડાયરામાં હર હંમેશ યોગદાન આપી લોકો પણ દેશહિત માટે યોગદાન આપે એવી સેવાની જ્યોત ચલાવી છે. એમના સ્વરે ગવાયેલ સોમનાથ મહાદેવની આરતીએ સમગ્ર હિન્દુ સમાજમાં વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત કર્યું છે. સાથે ડાયરાના મંચ પરથી સંસ્કૃતિને ઉજાગર કરવા અને દેશ માટે કંઈક કરી છૂટવાની તમન્ના ધરાવતા ગીતો રજુ કરી અનેક લોકોના પ્રેરણાસ્ત્રોત બન્યા છે. ત્યારે ગણેશ ગઢ સાવરકુંડલા આયોજિત પ્રાકૃતીક કૃષિ શિબિરમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના હસ્તે અલ્પાબેન પટેલને સન્માનિત કરવામાં આવ્યા હતા.આ તકે ઉદયભાઇ ગજેરા, ગોપાલભાઈ કયાડા અને સમગ્ર સમાજના મોભી અને પરિવારોએ અલ્પાબેન પટેલને શુભેચ્છા આપી હતી તેમ હાર્દિકભાઈ સોરઠીયાની યાદીમાં જણાવ્યું છે.

(અનુ.પ્રથમ પાનાનુ ચાલુ)

## તમિલનાડુમાં ભારે વર્ષાનું રેડ એલર્ટ, અનેક જિલ્લાઓમાં લોકડાઉન

તીરૂચ્ચી જિલ્લામાં ૫૫૦ એકર જમીન પરનો ડાંગરનો પાક નાશ પામ્યો છે. તેવું કૃષિ ખાતાનાં સર્વેક્ષણમાં જણાવ્યું છે. રાજ્યનાં સૌથી મોટા મુલ્લાપેરિયાર ડેમની સપાટી વધીને ૧૪૧ ફૂટ પર પહોંચી ગઈ છે. ચેન્નાઈમાં ભરશિયાળે વરસાદને કારણે માલ-મિલકતને જબ્બરું નુકશાન થયું છે અને ફરીથી વર્ષાતાંડવની આગાહી થઇ હોવાથી રાજ્ય સરકાર એકદમ સતર્ક બની ગઈ છે. કાવેરી પટ્ટાનાં ખેડૂતો મુખ્યમંત્રી એમ.કે.સ્ટાલીને જાહેર કરેલી રાહતથી નિરાશ થયા છે અને વધુ સહાયની માંગણી કરી રહ્યા છે.(૨.૧૨)

## સૌરાષ્ટ્ર-ગુજરાતમાં ભરશિયાળે માવઠુંઃ શિયાળુ પાકને નુકશાન

થતા ખેડૂતો ચિંતાતુર બન્યા છે. બંગાળની ખાડીમાં સર્જાયેલી અપરએર સાઇકલોનીક સર્ક્યુલેશન સિસ્ટમને કારણે ભેજવાળા પવનો ગુજરાત તરફ ફૂંકાઈ રહ્યા છે. આગામી દિવસોમાં લઘુતમ તાપમાનમાં બે થી ત્રણ ડિગ્રીનો ઘટાડો થવાની શક્યતા છે. ભેજવાળા પવન અને ઉતરપૂર્વનાં ઠંડા પવન ટકરાવવાથી ઠેર-ઠેર વાદળો છવાયા છે. આજે સૌથી વધુ ઠંડુ શહેર કચ્છનું નલિયા રહ્યું હતું. જ્યાં લઘુતમ તાપમાન ૧૧.૪ ડિગ્રી નોંધાયું હતું.(૨.૧૨)

## રાજકોટમાં આઈટી પાર્કનું સપનું પૂરું થવાના આરે

પાર્ક માટે વાજડીગઢનાં ગામના સ્માર્ટ સીટીની સામે નવા રીંગરોડ પર જગ્યા માંગવામાં આવી છે. રીટાનાં પ્રમુખ રોનક રૈયાણીને આશા છે કે, ૩ થી ૪ માસમાં મંજૂરી મળી જશે અને પાર્ક ધમધમવા લાગશે. જેના કારણે રાજકોટમાંથી તેજસ્વી પ્રતિભાઓ બહાર જતી અટકી જશે. રાજકોટમાં જ સારી નોકરી અને રોજગારીની તકો મોટાપાયે ઉભી થઇ શકશે. ગ્રાહકોને પણ એક જગ્યાએથી જ આઈટીને લગતી તમામ સેવાઓ મળી જશે.(૨.૧૨)

### વોર્ડ નં. ૧૧ માં મનપાની આવાસ યોજનામાં

# ગેરકાયદેસર બાંધકામ દૂર કરવા જાહેરહિતની અરજી

## સ્થાનિક રહેવાસીઓએ ગેરકાયદેસર બાંધકામ હટાવવા મનપા તંત્રને કરાઈ અરજી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૮

મહાનગરના વોર્ડનં. ૧૧ માં મનપાની આવાસ યોજનામાં ગેરકાયદેસર બાંધકામ દૂર કરવા તમામ આધાર પુરાવા સાથે મનપા તંત્રને જાહેર હિતની અરજી આપેલ હતી. છતાં કોઈ પગલાં લેવાયા નહીં હોવાનું મહેશભાઈ કડવાતરએ જણાવ્યું છે.

મનપા તંત્રને આવાસ યોજનામાં ગેરકાયદેસર બાંધકામ દૂર કરવાની જાણકારી અને તમામ આધાર પુરાવા સાથે આપેલ પરંતુ તંત્ર, અધિકારી અને પદાધિકારીઓની મિલીભગતનાં કારણે કોઈ પગલા નથી લેવાયાનો આક્ષેપ મહેશભાઈ કડવાતરએ કર્યો છે.

સ્થાનિક રહેવાસીઓએ જાહેર હિતની અરજી મનપાની બાંધકામ શાખાને ગત તા. ૨૮-૧૦-૨૦૨૧ નાં રોજ આપી હતી. તેમાં જણાવ્યું હતું કે, વોર્ડ નં. ૧૧ માં ઉપાસના પાર્ક પાસે મહાનગરપાલિકાએ આવાસનાં ફ્લેટ બનાવેલા છે. જેની ફરતે કમ્પાઉન્ડ હોલ છે. ગ્રાઉન્ડ ફ્લોરમાં પાછળનાં ભાગમાં ભૂગર્ભ ગટર છે અને જીએસપીસી ગેસ લાઈન છે. તેના ઉપર દબાણ કરી ગટર અને ગેસ લાઈન દબાવી દઈ ચણતર કરી પતરાવાળો રૂમ બનાવી લીધો છે. આવાસમાં રહેતા લોકોને અવરજવર અને સાફ-સફાઈમાં અડચણરૂપ છે. તો આ દબાણ દૂર કરવા લતાવાસીઓની અરજી છે. તા.૧૧-૯-૨૦૨૧ નાં રોજ કોલ સેન્ટરમાં કોલ કરેલો તેમ જાહેર હિતની અરજીમાં જણાવ્યું છે.(૧.૧૨)

## આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત આત્મનિર્ભર ગ્રામ યાત્રાનો રાજ્યવ્યાપી પ્રારંભ

# રાજકોટ ખાતે આત્મનિર્ભર ગ્રામ યાત્રાનો પ્રારંભ કરાવતા મંત્રી જગદીશ વિશ્વકર્મા









## જિલ્લાના ૨૮.૭૫ કરોડના ૪૯૩ વિવિધ વિકાસલક્ષી કાર્યો તથા ૧૮૧૨ લાભાર્થીઓને ૨.૨૨ કરોડની યોજનાકીય સહાયના કાર્યક્રમોનું ઈ-લોકાર્પણ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૧૮

આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત ત્રિ-દિવસીય રાજ્યવ્યાપી આત્મનિર્ભર ગ્રામ રથ યાત્રા અન્વયે રાજકોટ બેડી માર્કેટિંગ યાર્ડ ખાતેથી કુટિર ઉદ્યોગ, સહકાર, ક્લાઈમેટ ચેન્જ, વન પર્યાવરણ મંત્રી જગદીશભાઈ વિશ્વકર્માના હસ્તે પ્રારંભ કરાયો હતો.

રાજકોટ જિલ્લાના કુલ ૨૮.૭૫ કરોડના ૪૯૩ વિવિધ વિકાસલક્ષી કાર્યો તથા ૧,૮૧૨ લાભાર્થીઓને કુલ રૂપિયા ૨.૨૨ કરોડની યોજનાકીય સહાયના કાર્યક્રમોનું ઈ-લોકાર્પણ કરતા મંત્રી જગદીશભાઈએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના રાષ્ટ્રીય નેતૃત્વ અને મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની રાહબરીમા રાજ્યમાં ખેડૂતો, મહિલાઓ સહીત ગ્રામીણ ક્ષેત્રમાં લોકો વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભ મેળવી આત્મનિર્ભર બની રહ્યા છે.

મંત્રીએ લાભાર્થી મહિલાઓ સાથે સંવાદ કરતા જણાવ્યું હતું કે, ગ્રામીણ મહિલા પ્રગતિ કરે તે માટે અમલી બનાવાયેલી સખીમંડળ, મિશન મંગલમ જેવી યોજનાઓ ખૂબ સફળ થઈ છે. મહિલાઓ રાજ્ય સરકારની ગ્રાન્ટ થકી આત્મનિર્ભર બની રહી છે. પ્રધાનમંત્રીનના અથાક પ્રયત્નોથી મહિલા સશક્તિકરણને વેગ મળ્યો છે.

મંત્રીએ યાત્રા અંગે વિશેષ માહિતી પુરી પાડતા જણાવ્યું હતું કે, આ યાત્રા રાજ્યના ૧૮ હજાર જેટલા ગામડાઓમાં પસાર થઈ પ્રજાની વચ્ચે જઈ તેમને મળવાપાત્ર લાભો અંગે જાણકારી પૂરી પાડશે, લોકોના પ્રશ્નોનું સમાધાન કરશે. સ્વચ્છતા અને ગ્રામીણ વિકાસની સરવાણી આગળ ધપાવશે.

આ તકે મંત્રી વિશ્વકર્માએ લાભાર્થીઓને મળેલ સહાય બદલ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીને કાગળ લખી કૃતજ્ઞતા વ્યકત કરવા ઉપસ્થિતોને ખાસ આહવાન કર્યું હતું.

ધારાસભ્ય ગોવિંદભાઇ પટેલે તેમના વક્તવ્યમાં રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોના ઉત્કર્ષ માટે પોષણક્ષમ ભાવો પૂરા પાડવા માટે કરવામાં આવેલ પહેલને આવકારી તેનાથી ખેડૂતોને થતાં લાભો અંગે વાત કરી રાજ્ય સરકાર હંમેશા ખેડૂતલક્ષી અને તેમના હિત માટે કામ કરી રહી હોવાનું જણાવ્યું હતું.

આ તકે સાંસદ મોહનભાઇ કુંડારીયાએ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા વેક્સિનેશન કામગીરીને બિરદાવી કોરોના સામે લોકોને સુરક્ષિત કરવામાં આવેલી કામગીરીની સરાહના કરી હતી.

રાજકોટ જિલ્લા પંચાયત પ્રમુખ ભુપતભાઇ બોદરે પ્રાસંગિક પ્રવચનમાં ગામેગામ વેક્સિનેશન કાર્યક્રમ ખૂબ સફળ બને તે માટે વહીવટી તંત્રની સકારાત્મક કામગીરીની સરાહના કરી રહી હતી.

કાર્યક્રમમાં સખી મંડળની મહિલાઓએ રાજ્ય સરકાર દ્વારા તેમને મળેલ લોન સહાય અને તેમના થકી મહિલાઓ આત્મનિર્ભર બની હોવાનું જણાવ્યું હતું. સ્વાગત પ્રવચન કરતા કલેકટર અરૂણ મહેશ બાબુએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકારના પ્રજાલક્ષી અભિગમ હેઠળ લોકોને યોજનાકીય લાભો સરળતાથી મળી રહે તે માટે વહીવટી તંત્ર સમયબધ્ધ કામગીરી કરી રહ્યું છે.

કાર્યક્રમમાં મંત્રી તેમ જ મહાનુભાવોનું બાળાઓ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. મહાનુભાવોએ યાર્ડ ખાતે સરદાર વલ્લભભાઇ પટેલની પ્રતિમાને ફુલહાર પુષ્પકુંજ ચડાવી અભિવાદન કર્યું હતું

મુખ્યમંત્રી દ્વારા આત્મનિર્ભર ગ્રામ યાત્રાના રાજ્યવ્યાપી કાર્યક્રમનું લાઈવ મહાનુભાવોએ નિહાળ્યું હતું. કાર્યક્રમ સ્થળે આયુર્વેદિક નિદાન તેમજ વેક્સિનેશન કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

## સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના માર્ગદર્શન હેઠળ

# ગુજરાત રાજય માહિતી નિયામક વર્ગ-૧, ૨ની મેઈન્સ પરીક્ષામાં ૧૧ તાલીમાર્થીઓ સફળ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૧૮




તાજેતરમાં માહિતી પ્રસારણ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધનીગરનાં ભરતીબોર્ડ દ્વારા નાયબ માહિતી નિયામક વર્ગ-૧, સહાયક માહિતી નિયામક ( સંપાદન ) વર્ગ-૨ ની કુલ ૨૩ જગ્યાઓ માટે પ્રીલિમિનરી પરીક્ષાની ૧૦૦ કલાકની નિ:શુલ્ક તાલીમનું આયોજન સી.સી.ડી.સી., સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા કરવામાં આવેલ હતું. જેમાં ૫૦ જેટલા મિડીયા કર્મી તાલીમાર્થીઓ જોડાયા હતા. જેમાંથી ૩૫ તાલીમાર્થીઓએ પરિશ્રમની પરાકાષ્ટા સર્જી ઝળહળતી સફળતા મેળવેલ હતી. આ ૩૫ સફળ તાલીમાર્થીઓને મેઈન્સ પરીક્ષાની સઘન તાલીમ અંગ્રેજીનાં તજજ્ઞ નિષ્ણાંત અમિનભાઈ ધારાણી અને ગુજરાતીના તજજ્ઞ નિષ્ણાંત પ્રજ્ઞાબેન ધામેચા તથા ધવલભાઈ મારૂ મારફત ૧૦૦ કલાકનું નિબંધલેખન, પત્રલેખન, સિનટેક્સ, અહેવાલ લેખન વગેરે વિસ્તરણાત્મક લેખિત પરીક્ષાનું નિ:શુલ્ક માર્ગદર્શન પુરૂ પાડવામાં આવેલ હતું.

આ તાલીમાર્થીઓનું સચોટ માર્ગદર્શન અને તાલીમાર્થીઓની સખત મહેનત રંગ લાવી અને મેઈન્સ પરીક્ષામાં ૧૧ વિદ્યાર્થીઓએ ઝળહળતી સફળતા મેળવેલ છે.

ત્યારે તાલીમાર્થીઓને યુનિવર્સિટીનાં કુલપતિ ડો. નિતીનભાઈ પેથાણી, ઉપકુલપતિ ડો. વિજયભાઈ દેસાણી, કુલસચિવ નિલેશભાઈ સોની, સી.સી.ડી.સી. નાં સંયોજક ડો. નિકેશભાઈ શાહ અને ટીમ સી.સી.ડી.સી.એ અભિનંદન પાઠવ્યા હતા. સુમિતભાઈ મહેતાએ અભિનંદન પાઠવ્યા હતા. ચિરાગભાઈ તલાટીયા, દિપ્તીબેન ભલાણી, આશીષભાઈ કિડીયા, હીરાબેન, સોનલબેન વગેરેએ જહેમત ઉઠાવેલ હતી. તેમ યાદીમાં જણાવાયું છે.

## રાષ્ટ્રીય ગ્રંથાલય સપ્તાહની ઉજવણી અંતર્ગત

# બાબુભાઈ વૈદ્ય લાઈબ્રેરી ખાતે 'બાળવાર્તા કથન' કાર્યક્રમ યોજાયો

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૧૮





મહાનગરપાલિકા સંચાલિત બાબુભાઇ વૈદ્ય લાઇબ્રેરી ખાતે આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત રાષ્ટ્રીય ગ્રંથાલય સપ્તાહ -૨૦૨૧ની ઉજવણી અંતર્ગત ચોથા દિવસે બાળવાર્તા કથન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં કાર્યક્રમના વકતા રાજુભાઇ યાજ્ઞિક, રેણુબેન યાજ્ઞિક તથા પ્રેમલ યાજ્ઞિક હાજર રહ્યા હતા.

આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં ઉપસ્થિત બાળકો તથા તેમના વાલીઓને વકતા રાજુભાઇ યાજ્ઞિકે શરૂઆતમાં રમેશ પારેખની હું ને ચંદુ વખારીયામા અને કુષ્ણ દવેની બાળ કવિતાથી બાળકોને આનંદ કરાવી દીધેલ. ત્યારબાદ કિરીટ ગૌસ્વામીનું બાળગીત આ હાથીભાઇને તો મોજ અને મહિપતરામ જોશીના પૌત્ર એવા કવિ જીગર જોશીનુ બાળગીત ચાંદોએ સાચુકલો ચાંદો નથી. બાળગીત રજુ કર્યા હતા.ત્યારબાદ ગીજુભાઇ બધેકાની અનુવાદીત વાર્તા અધેરી નગરીને ગંડુ રાજા ટકે શેર ભાજી ટકે શેર ખાજા તથા જર્મન વાર્તાની અનુવાદીત વાર્તા બંશીવાળો રજુ કરવામાં આવી હતી.

અંતમાં લાઈબ્રેરી તરફથી આ કાર્યક્રમમાં હાજર સૌ બાળકોને બિસ્કીટ તથા વેફર્સનો નાસ્તો આપવામાં આવેલ હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા લાઇબ્રેરીના સ્ટાફ દ્વારા ખૂબ જહેમત ઉઠાવવામાં આવેલ.

## મનપા દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત યોજાયેલ

# રંગોળી સ્પર્ધાના વિજેતાઓને કાલે ઈનામ વિતરણનો કાર્યક્રમ

### મેયર પ્રદિપ ડવના અધ્યક્ષસ્થાને યોજાનાર કાર્યક્રમમાં સ્વચ્છતા અંગેના ઈ-સર્ટિફિકેટની નવી પહેલનો પ્રારંભ થશે

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૧૮

મહાનગરપાલિકા દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત યોજાયેલ રંગોળી સ્પર્ધાના આયોજન અનુસંધાને આવતીકાલે સવારે ૧૦:૩૦ કલાકે સેન્ટ્રલ ઝોન કચેરી ખાતે આવેલ કોન્ફરન્સ રૂમ ખાતે રંગોળી સ્પર્ધાના સ્પર્ધકોને ઇનામ વિતરણનો કાર્યક્રમ યોજાશે જેમાં સ્વચ્છતા અંગે નોંધપાત્ર કામગીરી કરતા નાગરિકોને ઈ-સર્ટિફિકેટ ઇસ્યુ કરવા માટેની એક નવી પહેલની શુભારંભ મેયર ડો.પ્રદિપ ડવના અધ્યક્ષસ્થાને યોજાશે. આ પ્રસંગે શહેર ભાજપ પ્રમુખ કમલેશભાઈ મીરાણી, ડે.મેયર ડો.દર્શિતાબેન શાહ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પુષ્કરભાઇ પટેલ, મ્યુનિસિપલ કમિશનર અમિત અરોરા, શાસક પક્ષ નેતા વિનુભાઈ ઘવા, દંડક સુરેન્દ્રસિંહ વાળા, સમાજ કલ્યાણ સમિતિ ચેરમેન પરેશભાઈ પીપળીયા, સેનિટેશન સમિતિ ચેરેમેન અશ્વિનભાઈ પાંભર તથા જુદી-જુદી કમિટીના ચેરમેનઓ, કોર્પોરેટરઓ, અધિકારીઓ અન રંગોળી સ્પર્ધાના સ્પર્ધકો વિગેરે ઉપસ્થિત રહેશે. આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત આપણા દેશની આઝાદીના ૭૫ વર્ષની ઉજવણીમાં વોકલ ફોર લોકલ અનુસંધાને આર્ટિસ્ટ વર્ગને પ્રેરિત અને પ્રોત્સાહિત કરવા તેમજ કલાપ્રેમી જનતાના આનંદ માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રેસકોર્સ રીંગરોડ ખાતે ગત તા.૩ થી ૫ દરમ્યાન એક અનોખા પ્રયોગ સાથે રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું.

આ ઉપરાંત લોકોમાં સ્વચ્છતા અંગે જાગૃતિ આવે અને પ્રત્યેક નાગરિક સ્વચ્છતા ઝુંબેશમાં સહભાગી થાય તે માટે રાજકોટ મહાનગરપાલિકા વિવિધ કામગીરી કરી રહેલ છે. સ્વચ્છતાની બાબતમાં રાજકોટ મહાનગરપાલિકાને સહયોગ આપનાર પ્રત્યેક નાગરિક તંત્રને મદદરૂપ થવાની સાથે જ અન્ય નાગરિકો માટે પણ પ્રેરણાસ્ત્રોત બને છે. રાજકોટ મહાનગરપાલિકાની વેબસાઈટ પર મુકેલ એક લિંક થકી સ્વચ્છતા અનુસંધાને પોતે આપેલ સહયોગ અને કરેલ વિગતો રજુ કરવાની રહેશે. જેની ચકાસણી કરી જે-તે નાગરિકને ઈ-સર્ટીફિકેટ ઇસ્યુ કરવામાં આવશે. નાગરિકોના આવા ઉમદા અભિગમની સરાહના કરવા માટે, રાજકોટ મહાનગરપાલિકા સ્વચ્છતાની આ ઝુંબેશમાં વ્યક્તિગત રૂપે યોગદાન આપી રહેલ પ્રત્યેક નાગરિકને એક ઈ-સર્ટિફિકેટ ઇસ્યુ કરવામાં આવશે. સ્વચ્છતા અંગેની આ નવી પહેલનો પ્રારંભ થશે.

# જૂનાગઢના ભેંસાણ તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા મોંઘવારી મુદ્દે મામલતદારને આવેદન

### સરકારની તમામ શાખામાં ખાલી પડેલી જગ્યાઓમાં ભરતી કરી યુવાનોને રોજગારી આપવા માંગ

**(મનીષ ડાકી દ્વારા)**
ભેસાણ, તા.૧૮

જૂનાગઢના ભેંસાણના ધારાસભ્ય હર્ષદ રીબડીયાની આગેવાનીમાં કોંગ્રેસ સમિતિ દ્વારા દિવસેને દિવસે વધતી જતી મોંઘવારીને લઈને મામલતદારને આવેદન આપવામાં આવ્યું. પેટ્રોલ, ડીઝલ, રાંધણ ગેસના અસહ્ય ભાવવધારો દિવસેને દિવસે વધતા જાય છે. બીજીતરફ ખેડુતોને રવિ સીઝનની ખેતી કરવા માટે ખાતર અને ડીઝલની ખાસ જરૂરિયાત હોય ખાતરની અછત અને ભાવવધારો પાછો ખેંચવા અને જુના ભાવે ખાતર મળી રહે તે માટે ખેડૂતો વિરોધ કરી રહ્યા છે. આ મોંઘવારીના મારથી મધ્યવર્ગ અને આમ જનતા પીડાય રહી છે. આ ઉપરાંત સરકારની તમામ શાખામાં વર્ષોથી ખાલી પડેલી જગ્યાઓમાં ભરતી કરવામાં આવે. જેથી યુવાનોને નોકરીની તક મળે અને સત્વરે રોજગાર મળી રહે. આ તમામ માંગણીઓ સાથે ધારાસભ્ય હર્ષદ રીબડીયા, નટુભાઈ પોકીયા, વજુભાઇ મોવલિયા, ભાવેશભાઈ ત્રાપશિયા દ્વારા મામલતદાર મારફત મુખ્યમંત્રીને આવેદન આપવામાં આવ્યું હતું.

# શહેર ભાજપ મહામંત્રી કિશોર રાઠોડનો આજે જન્મદિવસ



રાજકોટ: શહેર ભાજપ મહામંત્રી અને પુરૂષાર્થ યુવક મંડળ ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના પૂર્વ સદસ્ય અને કારડીયા રાજપુત સમાજના અગ્રણી કિશોરભાઈ રાઠોડનો આજે જન્મદિવસ છે. કિશોરભાઈ રાઠોડ યુવા વયથી ભારતીય જનતા પાર્ટીની વિચારધારા સાથે સંકળાયેલા હોય ભુતકાળમાં ભારતીય જનતા પાર્ટીમાં વોર્ડના મહામંત્રી, શહેર કારોબારી સદસ્ય, શહેર મંત્રી, શહેર ઉપપ્રમુખ, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના સદસ્ય અને હાલમાં શહેર ભાજપ મહામંત્રી તરીકે સતત બીજી ટર્મમાં જવાબદારી સંભાળી રહ્યા છે.

ત્યારે રાજકીયની સાથોસાથ સામાજીક ક્ષેત્રે પણ કામ કરવાની નેમ સાથે પુરૂષાર્થ યુવક મંડળની સ્થાપના કરી સંસ્થાના માધ્યમથી અને યુવાનોની સંગાથે અનેક સેવાકીય પ્રવૃતિઓ જેમાં રકતદાન શિબિર, ચક્ષુદાન, થેલેસેમીયા જનજાગૃતી, વિદ્યાર્થીઓને શિક્ષણલક્ષી પ્રોત્સાહક પ્રવૃતિઓ, રમત- ગમત અને સમાજના શ્રેષ્ઠીઓનું સન્માન કરી રહ્યા છે. નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલીત પૂ. રણછોડદાસજી મહારાજ પ્રાથમિક શાળાને સંસ્થા દ્વારા દતક લઈ આ શાળાના બાળકોને શૈક્ષણિક ક્ષેત્રે પ્રોત્સાહન આપવામાં આવી રહયું છે. ત્યારે આજે તેમના જન્મદિવસે કિશોરભાઈ રાઠોડના મોબાઈલ નં.૯૮૨૪૨ ૯૧૬૯૬ પર શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે. આજે કિશોરભાઈ રાઠોડના જન્મદિવસ પર 'સૌરાષ્ટ્ર ક્રાંતી' પરિવાર તરફથી શુભકામનાઓ...

# ઈલેકિટ્રક સ્કુટરની ડિમાન્ડમાં ૨૨૦ ટકાનો બમ્પર વધારો


**સોનલ કેટરર્સ**
શુધ્ધ, સાત્વિક ભોજન ટીફીન સર્વિસ
બપોરે તેમજ સાંજે ટીફીન મોકલી આપશું.
૬ રોટલી, દાળ-ભાત, શાક, છાશ, સલાડ
સંપર્કઃ મો.૯૮૨૪૮ ૦૦૨૫૯, ૯૬૮૭૪ ૫૯૧૮૨, ૯૯૯૮૬ ૧૧૧૭૮

લગ્ન પ્રસંગે કેટરર્સ સુવિધા આપીશું.
સોનલ પાઉંભાજી, આસ્થા ચોક, રેલનગર, રાજકોટ.


## સમભાવ મિત્ર મંડળ દ્વારા

# વિસાવદરમાં વડીલ વંદના અને સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો

### તાલુકાના સેવાભાવી યુવાનોનું સન્માન કરાયું

**(મનીષ ડાકી દ્વારા)**
વિસાવદર, તા.૧૮

વિસાવદરમાં સમભાવ મિત્ર મંડળ દ્વારા વડીલ વંદના તેમજ સ્નેહ મિલનનો કાર્યક્રમ વિસાવદર ખાતે યોજાયેલ. જેમાં વિસાવદર તાલુકાના સેવાભાવી યુવાનોનું સન્માન પણ કરવામાં આવેલ.

કાર્યક્રમમાં વિસાવદરના સિનિયર સિટીઝન જેઓનું કોઈ નથી અને એકલા જ રહેતા હોય તેવા ૯૦ વ્યક્તિઓને આમંત્રણ આપી તમામ વ્યક્તિઓનું પુષ્પગુચ્છથી સન્માન કરવામાં આવેલ હતુ. અને સાથે ભોજન પ્રસાદ લીધેલ હતો.


આ તકે વિસાવદર સમભાવ મિત્ર મંડળનું પણ ધારાસભ્ય રીબડીયા તેમજ માજી કૃષિમંત્રી ભાલાળા દ્વારા સન્માન કરવામાં આવેલ હતું.

આ તકે વિસાવદરના જાણીતા ધારાશાસ્ત્રી દિનુભાઈ શાહ, ડોક્ટર બાલસ તેમજ ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ દિલીપભાઈ કાનાબાર સહિત અનેક મહાનુભાવો હાજર રહેલ.

તેમજ વિસાવદરના વતની અમદાવાદથી પધારેલ જમનભાઈ માલવિયા દ્વારા જયારે પણ સમભાવ મિત્ર મંડળને સેવાકીય પ્રવૃતિમાં જરૂર પડે ત્યારે દાન આપવાની હાકલ કરી હતી. તેમ સંસ્થાની યાદીમાં જણાવાયું.

## વડતાલ પીઠાધિપતિ આચાર્ય રાકેશપ્રસાદજી મહારાજના વરદ્ હસ્તે

# સરધાર સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ ધામધૂમથી ઉજવાશે



મંદિરમાં ૧૬ ઘુમ્મટ, ૧૦૮ સ્થંભ, ૧૦૮ કમાન સહિત ભવ્ય મંદિર તૈયાર થયું

## તા.૧૦ થી ૧૮ ડિસેમ્બર દરમ્યાન આ મહોત્સવમાં ૧૦૦૦ કુંડીયજ્ઞ સાથે શાકોત્સવ, ૧૦૮ સંહિતા પાઠ, મેડિકલ કેમ્પ સહિત અનેક કાર્યક્રમ યોજાશે

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૮

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ તથા પાંચસો પરમહંસોના ચરણરજથી પુનિત થયેલ અને જ્યાં ભગવાન શ્રી સ્વામિનારાયણે ભવિષ્યમાં અહીંયા મોટું મંદિર થશે તેવા આશીર્વાદ આપ્યા હતા તે તીર્થભૂમિ સરધારમાં સદગુરુ નિત્યસ્વરુપદાસજી સ્વામીના પ્રેરણાત્મક માર્ગદર્શન પ્રમાણે કલાત્મક નકશીકામ યુક્ત શિખરબદ્ધ ભગવાન શ્રી સ્વામિનારાયણનું મંદિરનું નિર્માણ કામ પૂરુ થયુ છે. જેનો મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ આગામી તા.૧૦-૧૨ થી ૧૮-૧૨ સુધી (ભવ્યાતિભવ્ય રીતે ધામધૂમથી) ઉજવાશે. સદગુરૂ રામાનંદ સ્વામી તથા મુક્તાનંદ સ્વામીનો પ્રથમ મેળાપ પણ સરધારમાં થયો છે. આ સરધારમાં મીન સરોવર, દરબાર ગઢ, લીંબવૃક્ષ, હરિપૂજિત શીવજી, રામાનંદ સ્વામીનું નિવાસ સ્થાન વગેરે તીર્થસ્થાનો રહેલા છે. આવા મહિમાવંત તીર્થસ્થાન સરધારને આંગણે સદ્ ગુરૂ નિત્યસ્વરુપદાસજીના પ્રેરણાત્મક માર્ગદર્શનથી સમગ્ર સત્સંગસમાજના સહકારથી પાંચ શિખરસહિત ૭૦ હજાર ઘન ચો.ફુટમાં બંસી પહાડ પત્થરમા ૯૯+૧૫૫ ફુટના ઘેરાવાળું અને ૮૧ ફુટ ઉંચાઇવાળું મંદિર સંપ્રદાયના નજરાણાંરુપ બનેલ છે. આ મંદિરમાં ૧૬ ઘુમ્મટ અને ૧૦૮ સ્થંભ તેમજ ૧૦૮ કમાન સહિત ભવ્ય મંદિર તૈયાર થયું છે. આ મહોત્સવમાં ૧૦૦૦ કુંડી યજ્ઞ સાથે શાકોત્સવ, ૧૦૮ સંહિતા પાઠ, મેડિકલ કેમ્પ રાખેલ છે.

આ ઉત્સવની શરૂઆતે તા,૧૦ ડિસેમ્બરે અખંડ ધૂન શરૂ થશે. જેનો પ્રારંભ સ્વામી ભકિત સંભવદાસજી (અમરેલી), સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી (બગસરા) અને પૂર્ણસ્વરુપદાસજી સ્વામી (સરધાર) કરાવશે.

ધૂન બાદ ઉત્સવ શુભારંભે મહંત સ્વામી દેવકૃષ્ણદાસજી સ્વામી (રાજકોટ), સ્વામી મોહનપ્રસાદદાસજી (વડતાલ), લક્ષ્મીનારાયણદાસજી સ્વામી (ગઢડા), પ્રેમસ્રુરુપદાસજી સ્વામી (જૂનાગઢ), હરિકેશવદાસજી સ્વામી (ધોલેરા), બાલકૃષ્ણદાસજી સ્વામી (ફણેણી), મોહનપ્રસાદદાસજી સ્વામી

**ગૃહમંત્રી અમિત શાહ, મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર.પાટીલ સહિત મહાનુભાવો પધારશે**

(ધોરાજી) અને હરિવલ્લભદાસજી સ્વામી (અમરોલી) આશીર્વાદ આપશે. મહોત્સવનું ઉદઘાટન મહંત સ્વામી દેવકૃષ્ણદાસજી સ્વામી (રાજકોટ), હરિવલ્લભદાસજી સ્વામી (અમરોલી), શા. માધવપ્રિયદાસજી સ્વામી (છારોડી), ઇશ્વરચરણદાસજી સ્વામી (કુંડળ), નૌતમપ્રકાશદાસજીસ્વામી (વડતાલ), લક્ષ્મીપ્રસાદાસદાસજી સ્વામી (બગસરા), દેવનંદનદાસજી સ્વામી (જુનાગઢ), દેવપ્રકાશદાસજી સ્વામી (વડતાલ), નિલંકઠચરાણ દાસજી સ્વામી (જેતપુર), ધર્મપ્રિયદાસજી સ્વામી - બાપુ સ્વામી (ધંધુકા), હરિજીવનદાસજી સ્વામી (ગઢડા), કોઠારી વિરક્તસ્વરુપદાસજી સ્વામી કરશે. દિપ પ્રાગટ્ય હરિવલ્લભદાસજી સ્વામી (અમરોલી), સંતવલ્લભદાસજી સ્વામી (ધોરાજી), સત્સંગભૂષણદાસજી સ્વામી (કણભા), ગોવિંદપ્રસાદદાસજી સ્વામી (મેતપુર), આનંદસ્વરુપદાસજી સ્વામી (સરધાર), ભકિતતનયદાસજી સ્વામી (મહુવા), દેવપ્રસાદદાસજી (વંથલી), ભક્તિજીવનદાસજી સ્વામી (હરિયાળા), હરિસેવાદાસજી સ્વામી (વસઇ), પાર્ષદ લાલજી ભગત, જ્ઞાનબાગ વડતાલ દીપ પ્રાગટ્ય કરશે.

તા.૧૩-૧૨-૨૧ ના રોજ વડતાલ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય રાકેશપ્રસાદજી મહારાજના વરદ હસ્તે મૂર્તિ પ્રતિષ્ઠા થશે ત્યારે રામકૃષ્ણદાસજી સ્વામી (ધ્રાંગધ્રા), હરિપ્રિયદાસજી સ્વામી (સુરત), સંતદાસજી સ્વામી (આટકોટ), પુરુષોત્તમચરણદાસજી સ્વામી (રામપુરા), કે.પી. સ્વામી (ભાવનગર), પ્રભુચરણદાસજી સ્વામી (સુરત ગુરુકુલ), શુકદેવપ્રસાદદાસજી સ્વામી (નાર) અને બ્રહ્મસ્રુરુપદાસજી સ્વામી (સરધાર) ઉપસ્થિત રહેશે. સમગ્ર મહોત્સવના મુખ્ય યજમાન ન્યાલકરણ ગ્રુપ વડોદરાના નાનજીભાઇ ગાંગજીભાઇ ગોળવીયા, સહ યજમાન ડુંગરશીભાઇ ગોપાળભાઇ નિસર, કથાના યજમાન અશોકભાઇ ઇશ્વરભાઇ પટેલ, કથાના સહ યજમાન પરશોત્તમભાઇ ઘુસાભાઇ ભંડેરી વેળાવદર, યજ્ઞના યજમાન તળશીભાઇ ગોરધનભાઇ ભીકડીયા, યજ્ઞના સહયજમાન અ.નિ. રવજીભાઇ જીણાભાઇ, મહાપૂજાના યજમાન પ્રવિણભાઇ પરશોત્તમભાઇ સાપરિયા, મૂર્તિપ્રતિષ્ઠાના યજમાન માનસેતા આશિષભાઇ રમેશભાઇ, ધર્મકુળ પૂજન યજમાન અ.નિ.મોહનભાઇ માધાભાઇ ભંડેરી, સંતપૂજનના યજમાન અ.નિ. નાથાભાઇ ઘુસાભાઇ નાકરાણી ભેંસાણ વગેરે રહેલ છે.

આ પ્રસંગે કેન્દ્ર ગૃહમંત્રી અમિતભાઇ શાહ, મોહનભાઇ કુંડારીયા (સાંસદ) રાજકોટ, રમેશભાઇ ધડુક (સાંસદ), નારણભાઇ કાછડીયા (સાંસદ), રામભાઇ મોકરીયા (સાંસદ), જયેશભાઇ રાદડીયા (ધારાસભ્ય), કુંવરજીભાઇ બાવળિયા (ધારાસભ્ય), ગોવિંદભાઇ પટેલ (ધારાસભ્ય), જવાહરભાઇ ચાવડા ધારાસભ્ય, વગેરે પધારશે. ઉપરાંત રાજકોટ કલેકટર અરૂણ મહેશબાબૂ અમિત અરોરા (મ્યુનિ. કમિશનર), મનોજ અગ્રવાલ (પોલિસ કમિશનર રાજકોટ), વગેરે પધારશે. આ ઉત્સવમાં વડતાલ પીઠાધિપતિ આચાર્ય સાથે લાલજી મહારાજ સૌરભપ્રસાદજી મહારાજ અને ગાદીવાળા પણ પધારશે.

વિશેષ અતિથિ તરીકે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલ અને ભાજપ અધ્યક્ષ સી.આર.પાટિલ અને ઠાકોર સાહેબ માંધાતાસિંહજી પણ ઉપસ્થિત રહેશે. ચેરમેન દેવપ્રસાદદાસજી સ્વામી, નૌતમપ્રકાશદાસજી સ્વામી, ડો.સંતવલ્લભદાસજી સ્વામીની ઉપસ્થિતિમાં નિત્યસ્વરુપદાસજી સ્વામીએ આચાર્ય મહારાજશ્રીને ઉત્સવની પત્રિકા અર્પણ કરી ત્યારે પત્રિકા જોઇને મહારાજશ્રી ખૂબજ ખુશ થયા હતા. ઉપરોક્ત ઉત્સવમાં સૌ હરિભકતો પધારે એવી નિત્યસ્વરુપદાસજી સ્વામીએ વિનંતી કરેલ છે. તેમ સરધાર મંદિર કોઠારી વિરકતદાસજી સ્વામીની યાદીમાં જણાવાયું છે.(૧.૧૬)

### મંગળ ઉત્સવના કાર્યક્રમની રૂપરેખા

તા.૧૦ : સવારે પોથી યાત્રા, અખંડ ધૂન, મહોત્સવ ઉદઘાટન, દિપ પ્રાગટ્ય, સ્વાગત નૃત્ય અને ૧૦-૩૦ વાગ્યે કથા પ્રારંભ
તા.૧૧ : સવારે ૮ કલાકે યજ્ઞ પ્રારંભ. સાંજે ઘનશ્યામ પ્રાગટ્ય મહોત્સવ, રાતે સાંસ્કૃતિક કાર્યક્રમ
તા.૧૨ : સાંજે પાંચ વાગે શોભાયાત્રા, અને રાતે ૯ કલાકે જાદુગર અમિત સોલંકી
તા.૧૩ :બપોર મૂર્તિ પ્રતિષ્ઠા અને ત્યારબાદ યજ્ઞની પૂર્ણાહુતિ અને મંદિર ઉદઘાટન અને નૃત્ય
તા. ૧૪: સાંજે દિક્ષા મહોત્સવ, પટ્ટાભિષેક મહોત્સવ અને રાતે સાંસ્કૃતિક કાર્યક્રમ
તા.૧૫ : સવારે ૧૦ કલાકે મહામંત્ર પ્રાગટ્યોત્સવ રાતે ભજન સંધ્યા
તા.૧૬ : સાંજે અન્નકુટોત્સવ રાતે હાસ્ય લોક ડાયરો,
તા.૧૭ : સવારે ફુલદોલોત્સવ રાસોત્સવ અને રાતે કીર્તન સંધ્યા
તા.૧૮ : બપોરે ૧૨ કલાકે મહોત્સવની પૂર્ણાહૂતિ,

# પશ્ચિમ રેલવેનું ગૃહ પત્રિકા ‘રેલ દર્પણ’ નો અંક બહાર પડાયો



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૮

મહારાષ્ટ્રના રાજ્યપાલ ભગતસિંહ કોશ્યારી દ્વારા પશ્ચિમ રેલવે મહાપ્રબંધક આલોક કંસલની સાથે મુંબઈમાં પશ્ચિમ રેલવેના લોકપ્રિય ગૃહ પત્રિકા રેલ દર્પણનો નવો અંક બહાર પાડવામાં આવ્યો. રાજભવનમાં આયોજિત એક સમારોહમાં કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કોશ્યારીએ રેલ દર્પણની સંપાદકીય ટીમના સમગ્ર પ્રયત્નોની પ્રશંસા કરી અને આ વાત પર આનંદ વ્યક્ત કર્યું કે આ લોકપ્રિય સામયિકે તેની સર્જનાત્મક શ્રેષ્ઠતા માટે માત્ર અનેક પ્રતિષ્ઠિત પુરસ્કારો જીત્યા નથી પરંતુ સાહિત્યિક પ્રતિભાઓને તેમના વિચારો અને સર્જનોને વ્યક્ત કરવા અને શેર કરવા માટે એક ઉત્તમ પ્લેટફોર્મ પણ પ્રદાન કર્યું છે. આ પત્રિકા રાજભાષાને પ્રોત્સાહન આપતું એક રાજદૂત તરીકે કામ કરે છે. તે વિવિધ ભાષાકીય પૃષ્ઠભૂમિમાંથી આવતા રેલવે કર્મચારીઓને એકસાથે એક સામાન્ય આધાર સાથે જોડે છે જે હિન્દી છે. તેમણે વધુમાં જણાવ્યું કે રેલ દર્પણ દેશ દર્પણ જેવું છે જે વિવિધતાને પ્રતિબિંબિત કરે છે. આ પ્રસંગે રેલ્વેના વરિષ્ઠ અધિકારી ઓની સાથે સાથે રેલ દર્પણના સંપાદક મંડળના સભ્યો પણ ઉપસ્થિત રહ્યા હતા.

## હળવદ તાલુકાના ૧૫ ગામના ખેડૂતોનો વીજલાઈનના વળતર મામલે

# ખેડૂતો દ્વારા અર્ધનગ્ન હાલતમાં વિરોધ, મતદાન બહિષ્કારની ચિમકી







**(શિવ મયુર દ્વારા)**

હળવદ, તા.૧૮

### પ્રતિ ચો.મી. રૂા.૨૦૧૩ વળતર આપવા ખેડૂતોની માંગ

હળવદ તાલુકાના ખેડૂતોને લાકડીયા વડોદરા ૭૬૫ કેવી વીજ લાઈનના વળતર બાબતે અન્યાય થતો હોવાથી ખેડૂતોએ આકરાપાણીએ થઈ અર્ધનગ્ન હાલતમા વિરોધ કર્યો હતો અને વળતરમાં વધારો કરવા માંગ ઉઠવી છે. ખેડૂતોએ મામલતદારને આવેદન પત્ર પાઠવી જો આ દિશામા કાર્યવાહી કરવામાં નહિ આવે તો આગામી ચૂંટણીમાં મતદાન બહિષ્કારની ચીમકી ઉચ્ચારવામા આવી છે. અને અનસન માટેની મંજૂરીની માંગ કરાતા તંત્ર દોડતું થયું છે.

હળવદ મામલતદાર કચેરી ખાતે હળવદ તાલુકાના રાણેકપર, ધનશ્યામપુર, કોયબા , ઢવાણા, રણજીતગઢ, કેદારીયા, ધનાળા, જુનાદેવળીયા, સુરવદર પ્રતાપગઢ સહિત ૧૫ ગામોના ખેડૂતોએ એકઠા થઇ આ ગામોમાં સ્ટરલાઇટ પાવર એનર્જી દ્વારા ચાલતી લાકડીયા વડોદરા ૭૬૫ કેવી વીજ લાઈનની કામગીરીનો વિરોધ નોંધાવ્યો હતો. ખેડૂતોએ અર્ધનગ્ન હાલતમાં વિરોધ નોંધાવી ખાનગી કંપની યોગ્ય વળતર આવ્યા વગર બળજબરીપૂર્વક ટાવર ઉભા કરતી હોવાના ધગધગતા આક્ષેપો કર્યા હતા. ખેડૂતોએ જણાવ્યું કે પ્રતિ ચોરસ મીટર ૩૦૦ રૂપિયા વળતર આપવાનો જિલ્લા કલેકટર દ્વારા આદેશ કરાયો છે જેની સામેં ખેડૂતોને પ્રતિ ચોરસ મિટર ૨૦૧૩ રૂપિયાનું વળતર આપવામાં આવે તેવી અમારી માંગ છે.

ખાનગી કંપની છેલ્લા એક વર્ષથી ખેડૂતોને હેરાન પરેશાની કરતી હોવાની રાવ કરાઈ છે. આથી કંપનીના દમનથી કંટાળી ગયેલા નારાજ ખેડૂતોએ શર્ટ ઉતારી અર્ધનગ્ન હાલતમાં આકરો વિરોધ નોંધાવ્યો હતો. વધુમાં ખેડૂતોએ આવતીકાલ માટે અનશન ઉપર બેસવાની પરમિશન લેવા માટે અરજી કરતા તંત્ર દોડતું થયું છે.હળવદ મામલતદાર અને પ્રાંત અધિકારીને આવેદનપત્ર પાઠવ્યું હતું. ખેડૂતોની માંગનો સ્વીકાર નહિ થાય તો ઉગ્ર આંદોલન કરી આગામી સમયમાં આવતી ગામડાની ચૂંટણીમાં ૫૦૦ થી વધારે પરિવાર દ્વારા મતદાનનો બહિષ્કાર કરવાની ચીમકી ઉચ્ચારાઈ છે. આગામી દીવસમાં કલેકટર કચેરીએ રજુઆત કરી ધરણાં કરવામાં આવશે તેવું ખેડુતોએ જણાવ્યું હતું.(૧.૧૬)

# દામનગરમાં નિઃશુલ્ક નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પ યોજાયો

**(નટવરલાલ ભાતિયા દ્વારા)**

દામનગર, તા.૧૮

**૯૭ દર્દીઓએ કેમ્પનો લાભ લીધો, ૩૨ દર્દીઓને નેત્રમણી આરોપણ કરાયું**

દામનગર લાયન્સ કલબ ઈન્ટરનેશનલના સાઈટ ફર્સ્ટ પ્રોજેક્ટ હેઠળ લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી), ભૂરખિયા હનુમાનજી ટ્રસ્ટ તથા ભુરખીયા ચેરીટેબલ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે તેમજ સુદર્શન નેત્રાલયના સહયોગથી ૪૫મો વિનામૂલ્યે નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પ ભુરખિયા હનુમાનજી મંદિરે ગત તા.૧૭ એ યોજાયો હતો.

આ કેમ્પમાં આંખના રોગ જેવા કે મોતિયો, ઝામર, વેલ, પરવાળા તથા આંખની કીકી, પડદા તથા આંખના તમામ રોગોની તપાસ આંખના નિષ્ણાત ડોક્ટર દ્વારા કરવામાં આવેલ હતી. જરૂરિયાતમંદ દર્દીઓને મોતિયાના ટાંકા વગરના ઓપરેશન કરી નેત્રમણી આરોપણ કરી આપવામાં આવેલ હતા. તેમજ નેત્ર જાળવણી અને જાગૃતિ અંગેની ૫,૦૦૦ પત્રિકાનું આજુબાજુના ગામડામાં વિતરણ કરવામાં આવેલ હતું.

આ કેમ્પમાં ૯૭ દર્દીઓએ લાભ લીધો હતો અને ૩૨ દર્દીઓને નેત્રમણી આરોપણ કરવામાં આવેલ હતું. દરેક દર્દીઓના બ્લડ પ્રેશર તેમજ બ્લડ સુગર ચકાસવામાં આવેલ હતા. જરૂરિયાતમંદ વ્યક્તિઓના આંખના નંબર ચેક કરી ચશ્મા વિતરણ કરવામાં આવેલ હતું. લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી) તેમજ સુદર્શન નેત્રાલયના સહયોગથી નિયમિત રીતે દર મહિનાના ત્રીજા બુધવારે ભૂરખીયા હનુમાનજી મંદિરમાં નેત્રમણી નિદાન અને સારવાર કેમ્પનું આયોજન થનાર છે.તેમ લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી) ના પ્રમુખ લાયન રમેશભાઈ કાથરોટીયા જણાવે છે.

# વડિયાના હનુમાનખીજડીયા ગામે બ્લોક રોડનુ ખાતમુહૂર્ત

**(કિરીટ જોટવા દ્વારા)**

વડિયા, તા.૧૮



વડિયા તાલુકાના છેવાડાના સરહદી ગામ એવા હનુમાન ખીજડીયામાં પેટાચૂંટણી બાદ નવા વારાયેલા યુવા સરપંચ સત્યમ મકાણી દ્વારા ગામને ગોકુળિયુ બનાવવા માટે અને ગામ લોકોને પાયાની તમામ સુવિધાઓ આપવા માટે અનેક પ્રયત્નો કરી અનેક વિકાસ કાર્યો કરવામાં આવ્યા છે. હાલ પંચાયતની ટર્મ પૂર્ણ થવાના આરે છે. ત્યારે ગામના પ્લોટીંગમાંથી ઉભી થયેલી આવક જે સરકારમાં જમા થતી હોય છે. તે ઓપી ગ્રાન્ટ વિકાસ કાર્યો માટે પરત લાવી ગામના લોકોને સારા આંતરિક રસ્તાની સુવિધાઓ આપવા માટે રોડનુ ખાતમુહૂર્ત કરવામાં આવ્યું. આ ખાતમુર્હતમાં યુવા સરપંચ અને જિલ્લા કિસાન કોંગ્રેસ ના પ્રમુખ સત્યમ મકાણી, ઉપ સરપંચ અમરુભાઈ ગળ,પ્રફુલ ગોંડલીયા,અશ્વિનભાઈ ભેડા,જમનભાઈ વોરા સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યા હતા.

# જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી ખાતે કૃષિ મેળો યોજાશે

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

જૂનાગઢ, તા.૧૮

જૂનાગઢ કૃષિ યુનિવર્સીટી ખાતે એગ્રી ગુજરાત એક્ષ્પો-૨૦૨૧ કૃષિ મેળાનું આયોજન આવતીકાલે યુનિવર્સીટી ખાતે કરેલ છે. સદરહુ ઈવેન જૂનાગઢ કૃષિ યુનિવર્સીટી જૂનાગઢ અને સ્પાર્ક મીડિયા અમદાવાદના સંયુકત ઉપક્રમે આયોજીત કૃષિ મેળામાં કૃષિ ઇજનેરી, પશુપાલન, મત્સ્ય વિજ્ઞાન અને સલગ્ન વિષયની આધુનિક ટેકનોલોજીનું પ્રદર્શન રાખેલ છે.

તદ્ઉપરાંત નવિનત કૃષિ પદ્ધતિઓ, મશીનરી અને સાધનોનું નિદર્શન પણ છે. કૃષિ અને સલગ્ન ઈન્પુટસ ઉત્પાદકો અને વિક્રેતાઓના સાધનો અને જુદા જુદા ઈન્પુટસ પ્રદર્શન, પ્રાકૃતિક ખેતી પદ્ધતિઓ, સરકારી અર્ધ સરકારી, સહકારી અને સ્વૈચ્છીક સંસ્થાઓની યોજનાઓની માહિતીનું પ્રદર્શન તેમજ પ્રગતીશિલ ખેડૂતોનું સન્માન કરવામાં આવશે. તા.૨૦ ના રોજ કૃષિમાં મોડર્ન ટેકનોલોજીનો ઉપયોગ અંગે કૃષિ વૈજ્ઞાનિકો દ્વારા માર્ગદર્શન અંગે સેમીનાર રાખેલ છે. તેમજ તા.૨૧ નાં રોજ ખેડૂતોએ વિકસાવેલ નવીનતમ ટેકનોલોજી અને પદ્ધતિઓ અંગે પ્રગતીશીલ ખેડૂતો વક્તવ્ય આપશે.

આ કૃષિ મેળો ખેડૂતો માટે એક પ્રેરણાદાયક પૂરવાર થશે. ખેડૂતોને કૃષિ પ્રદર્શન અને સેમીનાર નો લાભ લેવા અનુરોધ કરવામાં આવેલ છે.

# વાતાવરણમાં પલટો, ખેડૂતોમાં ચિંતા



**(બ્રિજેશ વેગડા દ્વારા)** જસદણ, આટકોટ, ગોંડલ તેમજ મોટાદડવા સહિત વિસ્તારમાં આખો દિવસ વાદળછાયું વાતાવરણ સર્જાયું હતું. જો કે આવા વાતાવરણથી ખેડૂતો ચિંતિત બન્યા છે. ચણા, જીરૂ તેમજ શિયાળુ પાક પર અસર વર્તાઈ તેવી ભીતી ખેડૂતો સેવી રહ્યા છે.

## ધો.૧૨ સાયન્સ B-ગ્રુપ તથા બાયોલોજીસ્ટ માટે

# વી.વી.પી.એન્જીનીયરીંગ કોલેજ ખાતે બે-દિવસીય સેમીનાર



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ તા.૧૮

સરકાર દ્વારા ધો. ૧૨ સાયન્સમાં અભ્યાસ કરતા B-ગ્રુપનાં વિદ્યાર્થીઓને બાયોટેકનોલોજી એન્જીનીયરીંગ ક્ષેત્રમાં પ્રવેશ લાયકાત આપવામાં આવેલ. આ સંદર્ભે ગુજરાત સ્ટેટ બાયોટેકનોલોજી મિશન, સાયન્સ અને ટેકનોલોજી વિભાગ, રાજ્ય સરકાર સાથે સંલગ્ન વી.વી.પી. એન્જીનીયરીંગ કોલેજ દ્વારા બે-દિવસીય માર્ગદર્શન સેમીનારનું આગામી તા.૨૭ અને ૨૮ નાં રોજ આયોજન વી.વી.પી. એન્જીનીયરીંગ કોલેજ ખાતે કરેલ છે. આ આયોજન વી.વી.પી. મેનેજમેન્ટ, આચાર્ય ડો.જયેશ દેશકર તથા વિભાગીય વડા ડો. ધર્મેશ સુરના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ છે.

આ કાર્યક્રમનું સંચાલન બાયોટેકનોલોજી વિભાગ સ્ટાફગણ દ્વારા કરવામાં આવી રહ્યું છે. આ સેમીનારમાં ૧૨ સાયન્સ B-ગ્રુપમાં હાલમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ઉચ્ચ કારકિર્દીનાં માર્ગદર્શન માટે ભાગ લઇ શકશે . આ કાર્યક્રમ માટે વિનામુલ્યે http://tinyurl.com/ewr3k374 લીંક પર રજીસ્ટ્રેશન કરાવી શકાશે. તથા કાર્યક્રમ વિષે જાણકારી માટે ૯૭૭૩૧૦૮૧૫૦ મો. નંબર પર સંપર્ક કરી શકાશે તેમ જણાવ્યું છે.(૧.૧૫)

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતિ
સાંધ્ય દૈનિક

# રાજકોટ ભાજપમાં વકરતી જતી જૂથબંધીઃ કડવાશમાં દિવસે-દિવસે વધારો

## ભાજપ પ્રમુખ સી.આર.પાટીલ શનિવારે રાજકોટમાંઃ શ્રેણીબધ્ધ કાર્યક્રમો

### ભાજપનાં મુખ્ય આગેવાનોની બેઠક, પત્રકાર સ્નેહમિલન, એન.જી.ઓ. અને ઉદ્યોગપતિઓ સાથે બેઠક તથા બ્રહ્મસમાજનો જ્ઞાન સંકલ્પ કાર્યક્રમમાં ઉપસ્થિતિ



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ તા. ૧૮

પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર.પાટીલ શનિવારે રાજકોટમાં આવી રહ્યાનું શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણીએ જણાવ્યું હતું. તેઓ શ્રેણીબધ્ધ કાર્યક્રમોમાં હાજરી આપશે.

આ અંગે શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણીએ વિસ્તૃત માહિતી આપતા જણાવ્યું હતું કે, પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર.પાટીલ તા. ૨૦ના શનિવારે રાજકોટમાં સવારે ૧૦ વાગ્યે આવી જશે. ૧૦.૩૦ થી ૧૧.૩૦ પત્રકારોનું સ્નેહમિલન, ૧૧.૩૦ થી ૧૨.૩૦ અન્ય પ્રસંગો, બપોરના ૧ થી ૨ ઇમ્પીરીયલ હોટલમાં ઉદ્યોગપતિઓ અને એનજીઓ સાથે મિટીંગ, બપોરે ૨ થી ૩ અન્ય કાર્યક્રમોમાં હાજરી આપશે.

વધુમાં મિરાણીએ જણાવ્યું હતું કે બપોરના ૩ થી ૪ કલાકે હેમુ ગઢવી હોલમાં શહેર ભાજપના મુખ્ય આગેવાનો સાથે બેઠક યોજાશે. આ બેઠકમાં સાંસદ સભ્યો, ધારાસભ્યો, કોર્પોરેટરો, શહેર ભાજપના હોદ્દેદારો, વોર્ડના મહામંત્રી, વોર્ડ પ્રમુખ તથા પ્રભારીઓ ઉપસ્થિત રહેશે. તેમજ બપોરના ૪ કલાક બ્રહ્મસમાજના જ્ઞાનસંકલ્પ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે.

### ભાજપનાં આત્મનિર્ભર ગ્રામયાત્રા કાર્યક્રમની નિમંત્રણ પત્રિકાએ ફરી હોળી સળગાવી, હવે તો વિજય રૂપાણીનો પૂર્વ મુખ્યમંત્રી તરીકેનો ઉલ્લેખ પણ ટાળવામાં આવતા વિવાદ, નિમંત્રણ પત્રિકામાં માત્ર ધારાસભ્ય રૂપાણી એવો જ ઉલ્લેખ, શહેર ભાજપમાં દરેક જૂથ એકબીજાને કળવાશની ગોળીઓ ખવડાવવામાં ગળાડૂબ, કોઈ સમાધાન થવાની શક્યતા દૂર-દૂર સુધી નજરે ચડતી ન હોવાનો જાણકારોનો મત

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૮

છેલ્લા કેટલાક સમયથી રાજકોટ ભાજપમાં સર્જાયેલી જૂથબંધી, આંતરિક કાપાકાપી, વિખવાદ અને ટાંટીયા ખેંચની રમત અને એકબીજાને પાડી દેવાની રાજકીય સોગઠાબાજી ધીમે પડવાને બદલે દિવસે-દિવસે વધુને વધુ ઉગ્ર બની રહી હોય એવી ઘટનાઓ એક પછી એક આકાર પામી રહી છે. ફરી એકવખત એક નવી નિમંત્રણ પત્રિકાને પગલે ભડકો થયો છે. આજે રાજકોટ માર્કેટિંગ યાર્ડ ખાતે યોજાયેલી આત્મનિર્ભર ગ્રામ યાત્રાની ગઈકાલે જાહેર થયેલી નિમંત્રણ પત્રિકામાં વિજય રૂપાણીનો પૂર્વ મુખ્યમંત્રી તરીકેનો ઉલ્લેખ પણ કરવામાં ન આવતા વિવાદની આગમાં નવા લાકડા હોમાયા છે અને ફરી હોળી સળગી ઉઠી છે. એકજૂથ આ પ્રકારનાં ઉલ્લેખથી નારાજ થયાનું મનાય છે.

એ નિમંત્રણ કાર્ડમાં વિજય રૂપાણીનો ઉલ્લેખ પૂર્વ મુખ્યમંત્રી તરીકે કરવામાં આવ્યો નથી. એમનો ઉલ્લેખ માત્ર માનનીય ધારાસભ્ય તરીકે કરવામાં આવતા આ નિમંત્રણ પત્રિકા પણ વિવાદનું કેન્દ્ર બની ગઈ છે. એ પત્રિકામાં જુનિયર નેતાઓનાં નામ સિનીયર નેતાઓની ઉપર ચડાવી દેવાતા જૂથબંધીની કડવાશ વધુ તીવ્ર બની જવા પામી છે. એકમેકને રાજકીય રીતે પાડી દેવાની અને અમુલ્યન કરવાની જે રમત સામસામે ચાલી રહી છે. તેનાથી રાજકોટ ભાજપની પ્રતિષ્ઠાને ખૂબ જ હાની થઇ રહી છે. એવું દુઃખ છાને ખૂણે પક્ષનાં વફાદારો વ્યક્ત કરી રહ્યા છે.

વિજયભાઈ ઉપરાંત અન્ય પૂર્વમંત્રીઓ કુંવરજીભાઈ બાવળીયા અને જયેશ રાદડીયાનો પૂર્વ મંત્રી તરીકેનો ઉલ્લેખ પણ ટાળી દેવામાં આવ્યો છે અને માનનીય ધારાસભ્ય એવો જ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ રીતે રાજકોટ ભાજપમાં પત્રિકા અને નિમંત્રણો પણ જાતજાતનાં વિવાદો સર્જી રહ્યા છે. આવા વિવાદને કારણે જ ભાજપનાં પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલનાં રાજકોટ પ્રવાસનો સ્નેહમિલન કાર્યક્રમ પડતો મુકાયો હોવાની ચર્ચાઓ થઇ રહી છે.રૂપાણીનું મુખ્યમંત્રી તરીકેનું સ્ટેટસ પણ છીનવી લેવાયું હોવાથી ભાજપનાં આંતરિક ડખાની આગ સરકાર સુધી પહોચી ગઈ છે તેવું દેખાઈ છે. ગ્રામયાત્રા કાર્યક્રમનાં કાર્ડમાંઅધ્યક્ષ તરીકે રાજ્ય કક્ષાનાં મંત્રી જગદીશ વિશ્વકર્મા હોવાથી કાર્ડમાં સૌથી ઉંચે એમનું નામ છે. તે પછી મુખ્ય મહેમાન તરીકે ત્રણ સાંસદ મોહનભાઈ કુંડારીયા, રામભાઈ મોકરિયા અને રમેશભાઈ ધડૂક છે. જિલ્લા પંચાયતનાં પ્રમુખ ભૂપત બોદર પણ મુખ્ય મહેમાન છે. વિજય રૂપાણી પણ મુખ્ય મહેમાન હોવા છતાં કાર્ડની નીચે ધારાસભ્ય સાથે નામ મુકાયું છે. એવું નિમંત્રણ કાર્ડ પરથી દેખાય આવે છે અને સમગ્ર રાજકીય સોગઠાબાજીમાં ગાંધીનગરનો દોરી સંચાર સપાટી પર ઉપસી આવ્યો છે તેવું રાજકીય નિષ્ણાંતો કહી રહ્યા છે.

જો કે આજનાં બેડી માર્કેટિંગ યાર્ડનાં કાર્યક્રમમાં વિજય રૂપાણીએ હાજરી આપી જ નથી. ગઈકાલે તેઓ ગાંધીનગર ખાતે ભાજપની પ્રદેશ કારોબારીમાં હાજર રહ્યા હતા. તેઓ ૨૦ મી સુધી ગાંધીનગર જ રહે અને સુરતનાં એક કાર્યક્રમમાં હાજરી આપે તેવું જાણવા મળ્યું છે.(૨.૧૨)

## રાજકોટમાં આજે શુન્ય કેસ, ગ્રામ્યમાં પોઝિટિવ કેસનું કોન્ટેક ટ્રેસિંગ કરતા લો રીસ્કના ૮૬ કોન્ટેકટ મળ્યા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૮

રાજકોટમાં શુન્ય કેસ આજે નોંધાતા આરોગ્ય તંત્રમાં રાહત જોવા મળી હતી. પરંતુ ગઈકાલે છેલ્લા ૩ કેસ નોંધાયા હતા.જેમાંથી એક ગ્રામય વિસ્તાર જ્યારે બે શહેરી વિસ્તારના છે. શહેરમાં દિવાળી પછી સતત કેસ આવી રહ્યા છે જ્યારે જિલ્લામાં દિવાળી બાદનો પ્રથમ કેસ છે. ઉલ્લેખનીય છે કે ૧૭ દિવસમાં ૨૨ નવા દર્દી નોંધાયા છે. જેને પગલે ગ્રામ્યમાં કુલ કેસની સંખ્યા ૧૪૯૨૫ પર પહોંચી છે.



રાજકોટ શહેરના ગાંધીગ્રામ વિસ્તારમાં રહેતો પરિવાર પોતાના વતન એવા ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકામાં ગયો હતો. જ્યાંથી પરત આવ્યા બાદ પરિવારના ૧૩ વર્ષના તરૂણની તબિયત બગડી હતી અને સારવાર દરમિયાન રિપોર્ટ કરાવાતા કોરોના પોઝિટિવ આવ્યો છે. આ પરિવાર અલગ અલગ સ્નેહીજનને મળ્યો હોવાથી કોન્ટેક ટ્રેસિંગમાં લો રીસ્ક ૮૬ કોન્ટેકટ મળ્યા છે. જ્યારે હાઈ રીસ્ક કોન્ટેકટ ૨ કે જે તેમના પરિવારના છે. તરૂણની ઉંમર નાની હોવાથી રસી લીધી નથી જ્યારે તેના પરિવારજનોએ રસી લીધી છે.



# જનરલ બોર્ડ કોઈના બાપનું નથી!

### અરવિંદભાઈ મણીઆર પુસ્તકાલયના બોર્ડમાં સભ્ય તરીકે કોર્પોરેટર આશાબેન ઉપાધ્યાયની નિમણૂંક







(તસવીરઃ દિલીપ ગોહેલ)

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૮

મહાનગરપાલિકાનું જનરલ બોર્ડ આજે સવારે ૧૧ વાગ્યે સ્વ. રમેશભાઈ છાયા સભાગૃહમાં યોજાયું હતું. આ જનરલ બોર્ડમાં ભાજપનાં ૧૪ અને કોંગ્રેસનાં ૪ કોર્પોરેટરોએ કુલ ૪૦ પ્રશ્નો મુક્યા છે.

મનપાનાં જનરલ બોડમાં દરવખતની જેમ આ વખતે પણ શાસક અને વિપક્ષ આમને સામને આવ્યા હતા અને ઉગ્ર બોલાચાલી કરી હતી. જનરલ બોર્ડમાં કોંગ્રેસનાં કોર્પોરેટર વશરામ સાગઠીયાએ મોબાઈલ ટાવરનો કેટલો વેરો બાકી છે? પ્રશ્ન પૂછતાં આ મુદ્દે મ્યુ.કમિશનર અમિત અરોરાએ જણાવ્યું હતું કે, ૬૯૯ જેટલા મોબાઈલ ટાવર છે. જેની લેણા વસુલાતની રકમ રૂ. ૧૫૮ કરોડ થાય છે. ૪.૫ કરોડ રકમ મળેલ છે. હાલ આ બાબતે કોર્ટ કેસ ચાલે છે. કોર્ટમાં નિર્ણય બાદ મનપા દ્વારા નિર્ણય લેવામાં આવશે.

વિપક્ષી નેતા ભાનુબેન સોરાણીએ રોગચાળા પર પ્રશ્ન કરતા કહ્યું હતું કે, રાજકોટ શહેરમાં મચ્છરજન્ય રોગચાળો ડેન્ગ્યુ, ચિકનગુનિયા, મેલેરીયા, ટાઈફોઈડ, મરડો, કોલેરા, તાવ, ઝાડા-ઉલ્ટી, સહિતનાં કેસોમાં વધારો થયો છે. શહેરીજનોનાં આરોગ્યનાં હિતમાં મનપા તંત્ર લેવાતા પગલા અંગે ચર્ચા કરવા અને સાચી માહિતી આપવા વિનંતી કરીએ છીએ.

કોંગ્રેસનાં કોર્પોરેટર વશરામ સાગઠીયાએ સ્ટે.ચેરમેન પુષ્કર પટેલ અને ભાજપનાં કોર્પોરેટર પર આક્ષેપ કરતા કહ્યું હતું કે, તમારો માંડ-માંડ વારો આવ્યો છે. તમે શાંતિથી બેસો અને એક વાત સમજી લ્યો. જનરલ બોર્ડ કોઇના બાપનું નથી!. પ્રજાએ ચૂંટેલા બધાને બોલવાનો અધિકાર છે. તેવું જણાવતા ભાજપનાં કોર્પોરેટર જયમીન ઠાકર તથા સ્ટે.ચેરમેન પુષ્કર પટેલ અને કોંગ્રેસનાં કોર્પોરેટર વશરામ સાગઠીયા વચ્ચે ઉગ્ર બોલાચાલી થઇ હતી. ભાજપના કોર્પોરેટર જયમીન ઠાકરે આ શબ્દને બિનસંસદીય ગણાવી પાછા ખેચવાની માંગ કરી હતી. રાજકોટ મેયર પ્રદિપ ડવે કહ્યું હતું કે, હવે પછી કોઇ બિન સંસદીય ભાષા પ્રયોગ કરશે તો સસ્પેન્ડ કરાશે. કોંગ્રેસનાં કોર્પોરેટર વશરામ સાગઠીયાએ ભાજપનાં આંતરિક જુથવાદ પર કટાક્ષ કરતા કહ્યું હતું કે, રાજકોટ ભાજપમાં બે ભાગ છે. હવે પાટીલ રાજકોટ આવી ત્રીજા ભાગ કરવા આવી રહ્યા છે.મનપા દ્વારા વોર્ડ નં.૯માં વોર્ડ ઓફિસ સામે નવનિર્મિત કોમ્યુનીટી હોલનું 'અભયભાઇ ભારદ્વાજ કોમ્યુનીટી હોલ' નામ કરવા અંગે સંજયસિંહ રાણા તરફથી લીલીબેન જાદવના ટેકાથી આવેલ દરખાસ્ત લક્ષમાં લેતા મનપા દ્વારા વોર્ડ નં.૯માં વોર્ડ ઓફિસ સામે નવનિર્મિત કોમ્યુનીટીની હોલનું અભયભાઇ ભારદ્વાજ નામ કરવા આ કમિટી સામાન્ય સભાને ભલામણ કરેલ. આજની સામાન્ય સભામાં અરજન્ટ બિઝનેશ રજૂ કરેલ અને સર્વાનુમતે મંજુર કરવામાં આવેલ છે.(૧.૧૨)

### કાલે સદીનું લાંબું ચંદ્રગ્રહણ

## ખંડગ્રાસ ચંદ્રગ્રહણનો અવકાશી નજારો

### ભારતમાં ગ્રહણનો પ્રારંભ બપોરે ૧૨:૪૯ કલાકે, સમાપ્ત સાંજે ૧૬:૧૯ મિનિટે થશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

અમદાવાદ, તા.૧૮

વિશ્વના અમુક પ્રદેશો-દેશોમાં આવતીકાલે તા. ૧૯ મી સદીનું સૌથી લાંબું ખંડગ્રાસ ચંગ્રહણનો અવકાશી અભુત નજારો બનવાનો છે. ભારતના પૂર્વોત્તર રાજયમાં છેવાડાના વિસ્તારમાં અંતિમ ચરણનું આંશિક ચંગ્રહણ જોવા મળવાનું છે. આશરે સાડા ત્રણ કલાકનો અવકાશી નજારો નિહાળવા-કંડારવા ખગોળ વૈજ્ઞાનિકો થનગની રહ્યા છે.

જાથાના રાજય ચેરમેન-એડવોકેટ જયંત પંડયા જણાવે છે કે ભારતમાં ગ્રહણનો પ્રારંભ ૧૨ કલાક ૪૯ મિનિટ અને સમાપ્ત સાંજે ૧૬ કલાક ૧૭ મિનિટ થશે. અરૂણાચલ પ્રદેશના છેવાડાના વિસ્તાર લોહિતપુર, ઓનગમન, રોઈંગ, તેજુ અને ઈમ્ફાલમાં અવકાશી નજારો જોવા મળવાનો છે. દેશના મોટાભાગના વિસ્તારોમાં ગ્રહણ જોવા મળશે નહિ. પૂર્વ એશિયા, ઉ. યુરોપ, અમેરિકા, ઓસ્ટ્રેલિયા, પેસિફિક મધ્યસાગર વિસ્તારોમાં આહલાદક ખંડગ્રાસ ચંગ્રહણનો નજારો જોવા મળવાનો છે. ભારતમાં છાયા ચંદ્રગ્રહણ ટેલીસ્કોપથી અલૌકિક જોવા મળશે. ખંડગ્રાસ છાયા ગ્રહણ સહિત અવકાશી નજારો ૬ કલાક ૨ મિનિટ સુધી જોવા મળવાનો છે. ખંડગ્રાસની અવધિ સાડા ત્રણ કલાકની રહેશે. વધુમાં જયંત પંડયાએ જણાવ્યું કે સદીનું લાંબામાં લાંબુ અવધિનું આ ગ્રહણ હોય વિશેષ મહત્વ છે. સમય અને વિસ્તારની દ્રષ્ટિએ ગ્રહણની તુલના કરવામાં આવે છે. અવકાશી ભૂમિતિની રમત, પરિભ્રમણ હોય ખગોળીય ઘટના જોવા-માણવા માટે હોય છે. વૈજ્ઞાનિકો માનવ કલ્યાણકારી સંશોધનો કરે છે. રાજયમાં જિલ્લા-તાલુકા મથકે ગ્રહણની વૈજ્ઞાનિક સમજ આપવાનો કાર્યક્રમ જાથા આપવાના છે તેમ જણાવાયું છે.(૧.૧૩)

### રાજકોટ મનપાનાં જનરલ બોર્ડની ૬૦ મિનિટનું પોસ્ટમોટર્મ

## અર્થવિહિન બરાડા, અકારણ જીભાજોડી... લોકપ્રશ્નો અલોપ...!!

### બોર્ડમાં મુકાનારા જનતાને લગતા ૪૦ પ્રશ્નોનું શું થયું? માત્ર એક મુદ્દા પર આખી કાર્યવાહી સમેટાઈ ગઈ, સ્માર્ટસીટીનાં બોર્ડ પાસે આવી અપેક્ષા રાખી ન હોય

(અસલમ ફારૂક)

રાજકોટ, તા.૧૮

રાજકોટ ચારેય દીશામાં વિકાસ પામી રહેલું મહાનગર બની રહ્યું છે. આર્થિક, ઔદ્યોગિક રીતે અન્ય તમામ મહાનગરો કરતા વધુ વેગ સાથે ધંધાકીય સફળતાનાં શિખરો સર કરી રહેલા રાજકોટને સ્માર્ટસીટી કહેવામાં આવે છે. પરંતુ આ મહાનગરનું નિયોજન જેના હાથમાં છે. એવા રાજકોટ મહાનગરપાલિકાનાં નગર નિયોજકો અને મનપાનાં વિપક્ષ દળો લોકોની સમસ્યાઓની ચર્ચા માટે ભેગા થાય ત્યારે જે સમજદારી સંયમ પરિપકવતા, ગંભીરતા અને તલ્લીનતાની આપણે અપેક્ષા રાખતા હોઈએ છીએ એનો કોઈ પણ અંશ મનપાની જનરલ બોર્ડ જેવી મહત્વપૂર્ણ સભામાં જોવા ન મળે ત્યારે કહેવું પડે કે રાજકોટને ભલે સ્માર્ટસીટીનું એવોર્ડ અપાતું હોય પણ તેના નિયોજકો કે વિપક્ષ બંનેમાંથી કોઈપણ સ્માર્ટ સંચાલકોનાં બિરૂદને લાયક રહેતા નથી. રચનાત્મક વિપક્ષ તરીકેની જવાબદારીમાંથી પણ વિપક્ષ એક પાયરી નીચે ઉતરી ગયું હોય તેવું આજે મળેલા મનપાનાં જનરલ બોર્ડમાં સર્જાયેલા દ્રશ્યો પરથી જોવા મળ્યું છે. જેનાથી રાજકોટનાં હિતેચ્છુ, તટસ્થ નાગરિકો અને નિરીક્ષકો ચોક્કસપણે નિરાશ થયા છે. જનરલ બોર્ડમાં કાર્યવાહીની ૬૦ મિનીટનું પોસ્ટમોટર્મ કરીએ તો એક જ વાક્યમાં તેની સમીક્ષા થઇ જાય છે. અમે આવ્યા, અમે ખૂબ જ બોલાચાલી કરી, લડ્યા જગાડ્યા અને ઘરે ચાલ્યા ગયા... સૌરાષ્ટ્રનાં પાટનગર કહેવાય એવા રાજકોટની મહાનગરપાલિકાનાં જનરલ બોર્ડમાં

(અનુ.પાના નં.૪ ઉપર)

## પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર.પાટીલનો ધડાકો

### રાજુલાના કોંગ્રેસના ધારાસભ્ય અમરીશ ડેર માટે ભાજપમાં જગ્યા ખાલી રાખી છેઃ તેઓ મુળ તો ભાજપના કાર્યકર હતા

## ગુજરાતમાં ઉંઝા અને ચાણસ્મામાં ૧ ઈંચ, ખેરાલુ-બહુચરાજીમાં પોણો ઈંચ, વડનગર-હારીજમાં અડધો ઈંચ કમૌસમી વરસાદથી મગફળીનો જંગી જથ્થો પલળી ગયો

## રાજકોટમાં આઈટી પાર્કનું સપનું પૂરૂં થવાના આરે

### મહાનગરનાં આઈટી સેક્ટરનું વાર્ષિક ટર્નઓવર રૂ. ૪ હજાર કરોડઃ લોકડાઉન દરમ્યાન પણ ધંધા રોજગારની વિપુલ તકો સર્જાઈઃ આઈટી પાર્ક બની ગયા પછી ૩ હજાર મોટી કંપનીઓનાં આગમનની શક્યતા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૮

રાજકોટ મહાનગરનું આઈટી સેક્ટર હજારો લોકો માટે રોજગારીનું નિમિત બનીને મુખ્ય વ્યવસાય પૈકીનાં એક તરીકે ઉભરી રહ્યું છે. ત્યારે લાંબા સમયથી જેની રાહ જોવાઈ રહી હતી. એવા ઈન્ફર્મેશન ટેકનોલોજી પાર્કનું સપનું પણ પૂરું થવાના આરે છે. વાર્ષિક રૂ. ૪ હજાર કરોડનું ટર્નઓવર ધરાવતા આઈટી સેક્ટરનો વિકાસ વાર્ષિક ૩૦ ટકાનાં દરે થઇ રહ્યો છે. લોકડાઉન દરમ્યાન પણ રાજકોટનાં આઈટી સેકટરમાં રોજગારીની વિપુલ તકો સર્જાઈ હતી અને મોટાપાયે ધંધો થયો હતો.

રાજકોટ આઈટી એસોસિએશન (રીટા) એ મહાનગરનાં નવા રીંગરોડ પર આઈટી પાર્ક માટે ૬ લાખ ચો.ફૂટ જમીનની માંગણી કરતી દરખાસ્ત સરકારને મોકલી આપી છે. એસો. નાં સુત્રોએ જણાવ્યા મુજબ ચાલુ નાણાંકીય વર્ષ દરમ્યાન સરકારની મંજૂરી મળી જવાની ધારણા છે. પાર્ક માટે જમીનની માંગણી લાંબાસમયથી થઇ રહી છે. પરંતુ કોવિડનાં ૨ વર્ષ દરમ્યાન લોકડાઉન અને પ્રતિકુળ સ્થિતિને કારણે દરખાસ્ત મૂકી શકાઈ ન હતી.

રીટા નાં ચેરમેન જયદીપ નંદાણીએ જણાવ્યું હતું કે, ગુજરાત ઈન્ફર્મેટીકસ લિમિટેડ ને દરખાસ્ત આપી દેવાય છે જે અત્યારે વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગમાં પેન્ડીંગ છે. પાર્ક બની ગયા બાદ સૌરાષ્ટ્ર ભરમાંથી આઈટી એકમો રાજકોટ આવી જવાની ધારણા છે. ૩ હજાર જેટલા નવા




યુનિટની સ્થાપના થઇ શકે છે. જેના થકી વધુ એક લાખ લોકોને રોજગારી મળતી થઇ જશે.

(અનુ.પાના નં.૪ ઉપર)

SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.